Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Annual Subscription Rs. 200 = 00

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)

Vol. No. 28, Issue No. 08    10th May, 2024    Annual Subscription Rs. 200 = 00
વર્ષ : ૨૮, અંક : ૦૮    ૧૦મી મેં, ૨૦૨૪    વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ = ૦૦




## હરિઃૐ આશ્રમ - સુરત

## ‘શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ’

સ્વ. ડૉ. વિનોદચંદ્ર અમીન તથા સ્વ. ડૉ. મુક્તાબહેનના સ્મરણાર્થે ડૉ. દેવયાનીબહેન અને ડૉ. મુકુંદભાઈ પટેલ તરફથી રૂપિયા ૧,૧૧,૧૧૧/- ‘હરિવાણી ટ્રસ્ટ’ને કોર્પસફંડ માટે પ્રાપ્ત થયેલ છે.

સ્વ. ડૉ. વિનોદચંદ્ર અમીન લગભગ ૫૦ વર્ષ કરતા વધુ સમયથી ‘પૂજ્ય શ્રીમોટા’ સાથે અનન્ય - અત્યંત ભાવનાત્મક રીતે સંકળાયેલા હતા. તદુપરાંત તેઓનાં પત્ની ડૉ. મુક્તાબહેન અને કુટુંબીજનો પણ તેવા જ ભાવથી ‘પૂજ્ય શ્રીમોટા’ સાથે સમાયેલ હતાં.

તેઓ તથા તેમનાં કુટુંબીજનો સતત આશ્રમની નાનીમોટી જરૂરિયાત પૂરી પાડતા હતા તથા આજે પણ પાડે છે.

આવા ભક્ત સ્વજન પરિવાર તરફથી હરિવાણી ટ્રસ્ટને કોર્પસફંડ માટે સહયોગ પ્રાપ્ત થતાં ‘હરિવાણી ટ્રસ્ટ’ આ પરિવાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરે છે.

- ટ્રસ્ટીમંડળ, હરિવાણી ટ્રસ્ટ.

સ્વ. રામભાઈ પટેલ અને સ્વ. સવિતાબહેન પટેલ - સોજીત્રાનાં સ્મરણાર્થે તેઓશ્રીના સુપુત્ર ડૉ. મુકુંદભાઈ તથા પુત્રવધૂ ડૉ. દેવયાનીબહેન પટેલ (હાલ અમેરિકા) તરફથી રૂપિયા ૧,૧૧,૧૧૧/- ‘હરિવાણી ટ્રસ્ટ’ને કોર્પસફંડ માટે પ્રાપ્ત થયેલ છે.

ડૉ. મુકુંદભાઈ તથા ડૉ. દેવયાનીબહેન ઘણાં વર્ષોથી ‘પૂજ્ય શ્રીમોટા’ સાથે સંકળાયેલાં છે. તેમ જ ‘પૂજ્ય શ્રીમોટા’ અને હરિઃૐ આશ્રમની જરૂરિયાત પ્રમાણે વખતોવખત - વારંવાર મદદ કરતાં રહેલ છે અને કરે છે.

આવા ભક્ત સ્વજન પરિવાર તરફથી ‘હરિવાણી ટ્રસ્ટ’ કોર્પસફંડ માટે સહયોગ પ્રાપ્ત થતાં ‘હરિવાણી ટ્રસ્ટ’ આ પરિવાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરે છે.

- ટ્રસ્ટીમંડળ, હરિવાણી ટ્રસ્ટ.

**પ્રકાશનસ્થળ :** **'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

# હરિભાવ

સંપાદક : સુરેશચંદ્ર વોરા
સહાયક : વિવેક દેસાઈ

**વર્ષ : ૨૮** **અંક : ૦૮** **મે, ૨૦૨૪**

**ટ્રસ્ટીમંડળ**

શ્રી ગિરીશ પંડ્યા (મેનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી નીમા મીનેષ અમીન

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૨૦૦/-
પરદેશ રૂ.૧૫૦૦/- (એરમેઇલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા**
**'હરિવાણી ટ્રસ્ટ', C/O. સુરેશચંદ્ર વોરા**
ડી-૫૦૧, પરિમલ એક્ઝોટિકા,
નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,
નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,
Mo. / SMS / Whatsapp - 9427554391
ભેટની રકમ ઇન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫)નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો.

**ઇ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યુકો બૅંક, નારાયણનગર બ્રાંચ,અમદાવાદ-૩૮૦૦૦૭
**દાન-ભેટ સાથે પાન નંબર અવશ્ય આપવો.**
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઇટ**
www.hariommota.org ઉપર
'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.
Email : hariommota1@gmail.com
મોબાઇલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦
* Subject to Ahmedabad Jurisdiction

મુદ્રણશુદ્ધિ : **અંબિકા હરેશ પંડ્યા**

ટાઇપ સેટિંગ : **રામ કોમ્પ્યૂટર, મો.: ૯૮૨૪૬૧૨૨૮૮**

ટાઇટલ : **મયૂર જાની, મો. ૯૪૨૮૪૦૪૪૪૩**

**અનુક્રમ**

| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | પદ્યપ્રસાદી | શ્રીમોટા | ૪ |
| ૨ | સમાજ એટલે ભગવાન | શ્રી રમેશ ભટ્ટ | ૫ |
| ૩ | પરમહંસ સ્વામી રામતીર્થ | શ્રી પ્રફુલ્લ પ્રા.ઠાકોર | ૯ |
| ૪ | શ્રીમોટાની મહત્તા | શ્રી નંદુભાઈ શાહ | ૧૧ |
| ૫ | ૨૧ દિવસના ૩૪મૌન અનુષ્ઠાન | શ્રી અશોકભાઈ નટુભાઈ પટેલ | ૧૫ |
| ૬ | એક અહેવાલ | શ્રી નીતિન રામી | ૧૮ |
| ૭ | પ્રેમનો પ્રભાવ | અનુવાદકઃશ્રી મણીલાલ નભુભાઈ દોશી | ૧૯ |
| ૮ | ગયેલા આત્માને -તથા દાનભેટ | સંપાદક | ૨૦ |
| ૯ | એક્કલકોટના સ્વામી શ્રી સમર્થ | શ્રીમતી સુશીલા ટી.અમીન | ૨૧ |
| ૧૦ | ભગવાનનું નામઃભવતારણ ઔષધ | શ્રીરણછોડદાસજી મહારાજ | ૨૫ |
| ૧૧ | ઓ વિશ્વપતિ તારા વિશ્વાસે.... | | ૨૬ |

**જ્ઞાનદાન**

આ અંકના પ્રકાશનમાં પાંચ સ્વજનોનો સંયુક્ત સહકાર મળેલ છે. પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહને સમાજ સમક્ષ મૂકવાના 'હરિવાણી ટ્રસ્ટ' - હરિભાવના પ્રયાસને આ રીતે ટેકો આપવાના આ ઉમદા સહકાર માટે તેઓશ્રીઓનો હરિવાણી ટ્રસ્ટ પરિવાર હૃદયપૂર્વક ઘણા ઘણા આભારની લાગણી વ્યક્ત કરે છે.

– સંપાદક

## સ્મરણ-અભ્યાસ પડિયો છે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણ-અભ્યાસ પડિયો છે,
સ્મરણ-અભ્યાસ જીવંતો થતાં, લગની શી લાગે છે!
સ્મરણ લગનીનું તો કેવું મીઠું, મધુરું જ આહ્‌લાદક!
હૃદય તે સ્પર્શતું, પાછું બને દિલ પ્રેરણા-દાયક.
લગની સાતત્ય આધારે થતાં દિલ ભાવ જાગે છે.
નિરંતર જ્યાં થતાં ભાવ શું ભાવ, નું મૂળ સ્પર્શે છે!
સળંગ જે નિરંતરનું જીવન પ્રાગટ્ય ફોરે છે,
અનુભવ દિલ ચેતનનો થતો પ્રત્યક્ષ શું રૂહે છે!

## સ્મરણથી ગુણ ને ભાવ

સ્મરણથી દિલ ઊગ્યું કે 'જીવન ભંગાર કેવું છે !'
મરામત તેથી કરવાને હું સજ્જ શો થયેલો જે !
દિવા જેવું બધું સ્પષ્ટ શું દેખાવા જ લાગ્યું છે !
ઊંડું ઊંડું ડોકિયું અંતર લગાવવાનું સૂઝેલું છે.
સ્મરણથી આંતરિક બળ તો હૃદય ઊગતું થયેલું છે,
સ્મરણની ભક્તિથી બુધ્ધિ સચેતન શી થતી રહી છે !
સ્મરણથી ગુણ ને ભાવ જીવન બઢતા થયેલા છે,
જીવનમાં શાંતિ ને શાતા, પ્રસન્નતા છવાયા છે.

## લહાણી શી મળ્યાં કરતી !

પ્રભુ તારા ચરણ-રજની પ્રસાદીની હૃદય મુજને
લહાણી શી મળ્યાં કરતી જીવનમાં તે રહેલી છે !
ફૂલ્યું ફાલ્યું જીવન તેથી હૃદય હરિ ભાવની લહેરે,
ભજન-કીર્તન થવા દિલમાં મને શો ભાવ પ્રેર્યો છે !
હૃદયનો મસ્ત તે ભાવ જીવન-ઘડતરનું સાધન છે,
ભજન-કીર્તનથી તે ભાવ શું તેજિલો બઢેલો છે !
સ્મરણ આદિ તણાં સાધન થયાં જે જે કરેલા છે,
હૃદય-અભ્યાસથી ભાવ શું પાંગરવા જ માંડયો છે !

## સ્મરણ લેવું થતાં ઊંડું

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણ લેવું ગમેલું છે,
સ્મરણ લેવું થતાં ઊંડું શું અંતર્મુખ થવાયું છે !
થવાતા દિલ અંતર્મુખ હરિની ધારણા વિષે
- રહેવાનું ખેરખર ત્યાં કૃપાથી શું થયેલું છે !
હરિનું ભાન તો દિલમાં જીવંતું જ્યાં સ્ફુરેલું છે,
પછીથી આપમેળે દિલ હરિના ભાવમાં ખેલે.
પૂરેપૂરું જ તરબોળ હરિથી દિલ જેનું છે,
હૃદય શરણાગતિ પૂર્ણ હરિમાં જેની નિશ્ચિંત તે
હરિ પોતે ઉપાડે છે, પછીથી જવાબદારી જે,
હૃદય નિજનો ગણે જેને બધું સંભાળી તેનું લે.

'જીવન રસાયણ', દ્વિતીય આ.પૃ.-૧૬,૬૬,૯૫,૧૦

## (૨) સમાજ એટલે ભગવાન

**શ્રી રમેશ ભટ્ટ**

શ્રીમોટા આત્માનુભવરૂપે જીવમાત્રમાં 'જીવતા' હતા. એવા અનેક 'જીવો' તેઓશ્રીના અનેક જન્મોના અનેક પ્રકારના સંબંધોનાં નિમિત્તો હતાં. એ નિમિત્તો અનેક પ્રકારનાં હતાં, છે અને હજી ભવિષ્યમાં પ્રગટશે પણ ખરાં. એ સર્વમાં રહેલા પ્રભુભાવને જાગૃત કરી સર્વનાં જીવન ઉન્નત થાય એવો એક આધ્યાત્મિક પ્રયોગ તેઓશ્રીએ પ્રેરેલાં કાર્યો પાછળ છે. શ્રીમોટાએ પ્રેરેલાં સમાજકલ્યાણ - લોકકલ્યાણનાં કાર્યોના ગર્ભમાં આધ્યાત્મિક રહસ્ય છુપાયેલું છે. આવા ગર્ભિત અધ્યાત્મભાવને સામાજિક સ્તર ઉપર લાવવાનું કાર્ય તો કોક વિરલ વીર અનુભવી જ પ્રેરી શકે. શ્રીમોટાએ પોતાના અનુભવ પછીનાં કાર્યોને આ રીતે ઓળખાવેલાં છે.

**'જીવન અનુભવ ગીત'** પુસ્તકની એક ગઝલમાં તેઓશ્રીએ સ્પષ્ટ લખ્યું છે કે

**પ્રભુ શો ગૂઢ છૂપો જે બધાંનામાં વસેલો છે,**
**છુપાયેલા પ્રભુને તે પ્રગટ કરવા હૃદય જીવીએ.'**

શ્રીમોટા 'બધાંનાંમાં' છુપાઈને વસેલા પ્રભુને અનુભવરૂપે પ્રગટ કરવા બધાંનાં હૃદયમાં 'જીવી' રહ્યા છે. શ્રીમોટાનું આ વિધાન અત્યંત માર્મિક છે. 'જીવન' એ પ્રભુનું વ્યક્તરૂપ છે. 'જીવન' નિરંતર છે. 'જીવન' અખંડ છે. આપણે જે આયુષ્ય મર્યાદામાં જીવીએ છીએ એ ખંડને તો 'જિંદગી' તરીકે ઓળખવો જોઈએ. શ્રીમોટાનો જીવનઅનુભવ અમર્યાદ છે. તેઓશ્રીના અનુભવનો વિસ્તાર 'બધાં'માં રહેલો છે. આથી, તેઓશ્રીએ એ જ ગઝલમાં વ્યક્ત કર્યું છે.

**બધાં સાથે અમે જીવીએ, બધાં સાથે મળીભળીએ અમારો જીવવાનો શો ન કોઈ હેતુ જાણે છે !'**

('જીવન અનુભવ ગીત' પૃ.૪૩૬, આ.૩)

શ્રીમોટાનો મળવા, ભળવા અને જીવવાનો હેતુ 'પ્રભુને પ્રગટ કરવાનો' છે. એ હેતુ તરત જ જણાઈ આવતો નથી, કેમ કે એ હેતુ ગૂઢ અને રહસ્યમય છે. છતાં સૌને માટે પ્રતીતિકર હોવાથી પ્રમાણભૂત બને છે. આ જ શ્રીમોટાનાં 'કાર્ય'ની ખૂબી છે. જે સૂક્ષ્મ અનુભવ આપણી પ્રતીતિમાં આવતો હોવા છતાં આપણને મોટે ભાગે તરત સમજાતો નથી. અને જ્યારે સમજાય છે ત્યારે દિલમાં એમનામાં પ્રગટેલા પ્રભુરૂપ પ્રત્યે આકર્ષણ અને ભાવ જાગે છે.

આવી રીતે પ્રભુ પ્રગટ કરવાનો હેતુ ધારીને લોકકલ્યાણનાં કાર્યો પ્રેરનાર શ્રીમોટાને માત્ર સામાજિક ઉત્કર્ષ કરવા તત્પર બનેલા 'સમાજ સુધારક સાધુ, મહાત્મા કે સંત' તરીકે ઓળખવામાં દિલથી પૂરતું મૂલ્યાંકન થતું નથી. શ્રીમોટાના પૂર્વ જીવન પૂરતું કાર્યક્ષેત્ર દેશસેવા હતું. એ કાર્ય

તેઓશ્રીએ પોતાના જીવન-વિકાસના હેતુની સભાનતા સાથે આચર્યું. આથી, એવા સેવાકાર્યની ભૂમિકા એમની પોતાની સાધનાની દૃષ્ટિએ જુદી જ હતી. તેઓશ્રીએ રાગદ્વેષાદિને નિર્મૂળ કરવાના હેતુથી પોતાની સાધનામાંથી ફલિત થતી શક્તિઓને પોતાને મળેલાં કાર્યોમાં પ્રતિષ્ઠિત કરી હતી. આથી, એ કર્મ એમને માટે મુક્તિનું સાધન બન્યું છે. એ પછી જ્યારે અદ્વૈત પરમાત્માનો અનુભવ (૧૯૩૯) થયો ત્યાર પછી ઉત્તરોત્તર વિકસતી, વિલસતી અને વિસ્તરતી અનુભવદશાના પ્રભુપ્રેરિત પ્રયોગો થતા રહ્યા. તેઓશ્રી આધ્યાત્મિક જીવનના માત્ર અનુભવી જ નથી, પરંતુ આધ્યાત્મિક અનુભવને પ્રયોગથી પ્રતિષ્ઠિત કરીને એને વિજ્ઞાનરૂપ આપનાર વિરલ અધ્યાત્મવિજ્ઞાની છે. કેવળ વિજ્ઞાની જ પોતાના અનુભવને અન્ય જીવમાં સંક્રાંત કરી શકે. આધ્યાત્મિકવિજ્ઞાનની આ એક અત્યંત સૂક્ષ્મ અને ગહન પ્રક્રિયા છે. ભૌતિક કે રસાયણ વિજ્ઞાનની જેમ અધ્યાત્મ વિજ્ઞાનના પ્રયોગોનાં પરિણામો અમુક જ સમયમાં પ્રત્યક્ષ કરાવી શકાય નહિ, પરંતુ કાળક્રમે જેમ જેમ માનવસમાજની ભૂમિકા પરિપક્વ થતી જાય તેમ તેમ આનાં પરિણામો પ્રત્યક્ષ થતાં જાય. શ્રીમોટાપ્રેરિત 'લોકકલ્યાણનાં કાર્યો' એ અધ્યાત્મ વિજ્ઞાનના વિજ્ઞાનીના વ્યાપક અને વિસ્તારદશાના અનુભવનો એક અનોખો પ્રયોગ છે.

'પ્રભુ સચરાચર છે,' 'પ્રભુ તો બધાંમાં છે,' 'પ્રભુ તો એક જ છે, મૂર્તિઓ જુદી છે.'- આવી ભાવના આપણા સમાજમાં સંસ્કાર પરંપરાથી પ્રસરેલી છે, પરંતુ આ ભાવના માત્ર વાણીમાં જ વહ્યા કરી છે. શ્રીમોટાએ લોકકલ્યાણનાં કાર્યો માટે કાળબળને પ્રમાણ્યું. તેઓશ્રી વારંવાર કહેતા કે '**સમયધર્મને ઓળખે એ અનુભવી અને કાળને અનુરૂપ કર્મ પ્રેરે એ અનુભવી. અનુભવીને જે કર્મ સ્ફુરે છે, એ સંસ્કારોને લીધે સ્ફુરતા નથી, પરંતુ સમયધર્મમાંથી સાહજિક સ્ફુરણ થાય છે.**' આ અર્થમાં તેઓશ્રી પોતામાંથી પ્રેરાતાં 'લોકકલ્યાણનાં કાર્યો'ને 'મૌલિક' ગણાવતા હતા.

શ્રીમોટાએ પ્રમાણ્યું કે આ કાળમાં સમાજમાં ધર્મ પ્રવર્તતો નથી. લોકોનાં મનવાણીના ભાવો કર્મમાં અવતરતા નથી. લોકો ધર્મ વિશે માત્ર વાતો કરે છે. વ્યક્તિના તેમ જ સમાજના જીવનમાં ત્યાગ અને પરમાર્થ મોખરે વર્તાય ત્યારે ધાર્મિક જીવનનાં લક્ષણો પરખાય. આથી, ધાર્મિક જીવનને જાગૃત કરવા માટે હાલના કાળમાં મંદિરો બાંધવાં કે દેવોની મૂર્તિઓની સ્થાપના કરવી એ ધર્મકાર્ય નથી, પરંતુ વ્યક્તિમાં રહેલા ગુણ અને ભાવ પ્રગટે અને કાર્યમાં ઊતરી આસપાસ પ્રસરી સમગ્રતાને સ્પર્શે એવાં કાર્યો દ્વારા ધર્મભાવના જાગૃત થાય. આથી, શ્રીમોટા પાસેથી એક વિધાન પ્રગટ થયું.

**'મારે સમાજને બેઠો કરવો છે.'**

૧૯૩૯ પછી **'હું સર્વત્ર વિદ્યમાન છું.'** ('જીવનદર્શન' ૧૧મીઆવૃત્તિ, પૃ.૪૩૧)એ અનુભવવચન પ્રગટ થયું હતું. એમાં સર્વત્ર જે 'છે' જ - એવા ચેતનના 'હોવાપણા'ના અનુભવનો ટકોરાબંધ નાદ છે. એવો જ રણકો ૧૯૬૧ પછી **મારે સમાજને બેઠો કરવો છે'** એ વિધાનમાંથી સંભળાયો. અને થોડાક જ સમયમાં સમાજમાં આ શબ્દો પ્રસરી ગયા. શ્રીમોટાના આ શબ્દોએ લોકસમુદાય ઉપર અદ્ભુત અસર કરી. તેઓશ્રીએ પ્રેરેલાં કાર્યો માટે જુદાં જુદાં ક્ષેત્રોમાંથી, જુદી જુદી દિશામાંથી લોકોએ શ્રીમોટાએ સૂચવ્યું તેમ કર્યું.

**મારે સમાજને બેઠો કરવો છે'** એ શબ્દો પાછળનો નાદ પ્રભુપ્રેમના અનુભવી પરમપુરુષના હૃદયમાંથી પ્રગટેલો. અને એ નાદ જેના હૃદય સુધી પહોંચ્યો ત્યાંથી પ્રભુપ્રેમ પ્રત્યે અકળ રીતનું આકર્ષણ પ્રગટ થયું. અને સૌ શ્રીમોટાપ્રેરિત કાર્યમાં અકળ ભાવનાના બળથી જોતરાયા.

શ્રીમોટાનું આ વિધાન નવા યુગના આગમનનાં એંધાણ દર્શાવતું પૃથ્વી ઉપર પ્રભુની પધરામણીના આગમનની તૈયારી કરાવતું આધ્યાત્મિક તેજ:પુંજ છે. એ શબ્દો પાછળ છુપાયેલો શંખનાદ-સિંહનાદ ઘણાનાં હૃદયને હચમચાવતો હતો. શ્રીમોટાનો પ્રત્યેક શબ્દ માર્મિક છે. એનો હંમેશાં આધ્યાત્મિક અર્થ જ હોય છે. 'ભગવાન' 'પ્રભુ' 'આત્મા-પરમાત્મા' કે 'ચેતન' સિવાયની અન્ય કશી જ ભૂમિકા તેઓશ્રીની વાણીમાં નથી. આ એક નક્કર હકીકત છે. આથી જ આ વાક્ય પણ એટલું જ ગર્ભિત રહસ્યમય આધ્યાત્મિક શક્તિ ધરાવે છે.

સમાજની શ્રીભગવાન વિશેની ઉપલક સમજને શ્રીમોટાએ અજવાળી છે, પ્રકાશિત કરી છે. શ્રીભગવાનને રૂપ નથી અને એ સચર અને અચર બધાંમાં છે, તો પછી એ આપણામાં અને આપણા સમાજમાં પણ છે, તો સમાજને 'ભગવાન' માનીને એની સેવા કરવી એ યુગધર્મ છે. જો મંદિરમાં સ્થાપેલી મૂર્તિમાં ભગવાનની ભાવનાની ધારણા થઈ શકતી હોય તો જીવંત માનવમૂર્તિમાં છુપાયેલા ભગવાન પ્રત્યે એવી ભાવના કેમ જાગૃત ન કરી શકાય ? આથી, તેઓશ્રીએ કહેલું કે **'આપણે એ ભગવાનને માનતા હોઈએ, પ્રેમભક્તિથી, જ્ઞાનપૂર્વક માનતાં હોઈએ તો એની સેવા તો થવી જોઈએ. આ સમાજની સેવા એ ભગવાનની સેવા છે. આજના આવા વાતાવરણમાં 'સમાજ' શબ્દ પ્રચલિત છે, એટલે 'સમાજ' શબ્દ વાપરું છું. બાકી, કોઈ કાળે મારા મગજમાં સમાજ નથી. મારા મગજમાં તો ભગવાન જ બિરાજેલો છે. હું મારા ભગવાનની જ સેવા કરી રહેલો છું. મારા મનથી એ સો ટકાની હકીકત છે.'**

(દીક્ષાદિનની ઉજવણી વખતે આપેલા પ્રવચનમાંથી તા. ૪-૨-૧૯૭૨ 'શ્રીમોટાવાણી' - ૧, પૃ. ૧૫-૧૬)

આ ઉપરથી સિદ્ધ થાય છે કે શ્રીમોટાપ્રેરિત લોકકલ્યાણનાં કાર્યોને માત્ર સામાજિક ઉત્કર્ષ કે ઉત્થાનની પ્રવૃત્તિ તરીકે સમજ્યા કરીએ તો આ કાર્યોનું મૂલ્યાંકન અધૂરું રહે. શ્રીમોટાને તો સમગ્રતામાં છૂપા રહેલા ભગવાનને બેઠા કરવા હતા. એ ભગવાન પોતાની ગુણશક્તિરૂપે વ્યક્ત થઈને ભાવની ભૂમિકાથી દર્શનીય બની રહે એવો હેતુ છે. તેઓશ્રીએ પ્રેરેલાં કાર્યો દ્વારા પ્રભુશક્તિની આવી ઝાંખી સતત થયા કરેલી છે.

શ્રીમોટાએ ગુણ અને ભાવને ભગવાનનાં વ્યક્ત લક્ષણરૂપે પ્રમાણ્યાં છે. આવા ગુણભાવનું અવિચ્છિન્ન રૂપ વ્યક્તિમાંથી- એટલે કે સમાજમાંથી વહેવારમાં અવતરે એ માટે જે કાંઈ પરમાર્થ, ત્યાગ કરાય એ ધર્મકાર્ય છે. આવા ગુણભાવ જ્યાં વ્યક્ત થયા હોય એ તરફ આપણી દૃષ્ટિ વળે એ પ્રભુશક્તિનાં દર્શન છે અને આપણાથી એ ગુણભાવની કદર થાય એ પ્રભુની ભક્તિ છે.

અત્યારના જમાનામાં જ્ઞાનવિજ્ઞાનની અનેક શાખાઓના વિકાસ સાથે, વૈજ્ઞાનિક શોધખોળોને પરિણામે સુખનાં અનેક સાધનો હોવા છતાં, આપણા સમાજમાં અંધશ્રદ્ધા, વહેમ, ઘેલછા, ધર્મ-અધ્યાત્મ વિશેની પાર વિનાની ભ્રાંતિઓ છે. આવા બાહ્ય જીવનના પ્રવાહમાં શ્રીમોટાએ ભાગ્યે જ નજરે ચઢે એવો સૂક્ષ્મ ખળભળાટ મચાવ્યો છે. આપણી જીવનયમુનાના વહેણમાં પડી રહેલા ઝેર ફેલાવતા રાગદ્વેષના ફણીધરને નાથવાનો સૂક્ષ્મ યજ્ઞવિધિ શ્રીમોટાએ યોજ્યો છે. અને આપણા જીવનમાં રહેલા પ્રભુને બેઠા કર્યા છે. આપણી સન્મુખ માનવમૂર્તિ રૂપે બિરાજેલા શ્રીમોટાના આવા વિરલ કાર્યનો મર્મ સમજતાં એમ બોલી જવાય છે કે **અમે અપરાધી કાંઈ ન સમજ્યા, ન ઓળખ્યા ભગવંતને**

હરિઃૐ આશ્રમ' પાંચમી આ;પૃ.૫૩-૫૮

**અનુસંધાન પાના-૧૯ નુ ચાલુ**

ગીતામંદિર વડોદરા તરફથી દરેક શાળાને ૧૦૦ નંગ ત્રણ-અધ્યાયવાળી ભગવદ્ ગીતા; પ્રમાણપત્ર સપ્રેમ આપવામાં આવેલ હતાં. હરિઃૐ સત્સંગ મંડળના મંત્રી શ્રી સુરેશભાઈ વોરા, ટ્રસ્ટીશ્રી જ્યોતિબહેન પટેલ, કાર્યકરો યોગેશ શાહ, અલકાબહેન શાહ, દક્ષા રામી, નીતિન રામી, હસમુખ રામી, ચિરાગ રામી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તક ઇનામવિતરણનો કાર્યક્રમ પેટલાદ, નડિયાદ, સલૂણ શાળાઓમાં જયશ્રીકૃષ્ણ, હરિઃૐ ની ગૂંજ સાથે સંપન્ન થયેલ હતો.

ઈનામ-વિતરણ સમારંભનું સંચાલન મહેમદાવાદના અને ૩૧ વર્ષથી ગીતા-મંદિર નડિયાદ ખાતે અવિરત સેવા આપતાં શ્રી પ્રજ્ઞેશભાઈ ભટ્ટે સુચારુ કુનેહપૂર્વક કરેલ હતું.

શ્રી પ્રફુલ્લ પ્રા. ઠાકોર

ટિહરીના મહારાજા સાહેબના આગ્રહને વશ થઈ સ્વામી રામ કોડિયાથી ટિહરી ગયા. મહારાજા સાહેબે ટિહરીથી સાત માઈલ દૂર એક સુંદર શિખર ઉપર આવેલા કીર્તિનગરમાં સ્વામીજીને રહેવા માટે વ્યવસ્થા કરી હતી. ૧૯૦૨ના મે અને જૂન માસ સ્વામીજીએ અહીં જ ગાળ્યા. મહારાજા સાહેબ દર અઠવાડિયે તેમનાં દર્શન માટે અહીં આવતા અને પોતાની જ્ઞાનની ભૂખ સંતોષતા.

આ અરસામાં દેશનાં વર્તમાનપત્રોમાં એવા સમાચાર પ્રકટ થયા કે જાપાનમાં એક સર્વધર્મ પરિષદ ભરાવાની છે. ઈ.સ. ૧૮૯૩ની સાલમાં આવી એક પરિષદ અમેરિકાના શિકાગો શહેરમાં ભરાઈ હતી અને તેમાં સ્વામીશ્રી વિવેકાનંદે હિંદુધર્મ અને સંસ્કૃતિનો વિજયધ્વજ ફરકાવ્યો હતો, તે હકીકત તમારામાંના ઘણા જાણતા જ હશે. આ પરિષદની સફળતા જોઈ. દુનિયાના દરેક દેશના ધાર્મિક માણસો તેના બીજા અધિવેશનની આતુરતાપૂર્વક રાહ જોતા હતા. સ્વામી વિવેકાનંદના એક જાપાની મિત્ર મી. ઓકાકુરા જ્યારે હિંદ આવ્યા હતા ત્યારે ભગિની નિવેદિતા સમક્ષ જાપાનમાં આવી એક પરિષદ ભરવાનો પોતાનો વિચાર જણાવેલો. આ ઉપરથી વર્તમાનપત્રોમાં આ વિષે ઉપરના સમાચાર પ્રકટ થયા હતા. અલબત, જાપાનમાં તો કોઈ આ વિષે કંઈ જાણતું પણ ન હતું.

ટિહરીના મહારાજા સાહેબે જ્યારે આ સમાચાર વાંચ્યા, ત્યારે તેઓ ખૂબ ખુશ થઈ ગયા. તેમણે સ્વામીરામને આ પરિષદમાં ભાગ લેવા જાપાન જવાની વિનંતી કરી. સ્વામીજીએ મહારાજા સાહેબની વિનંતી માન્ય રાખી. પરિષદની તારીખ બહુ જ નજીક હોવાથી સ્વામીજીએ તરત જ કલકત્તા જવું અને ત્યાંથી પહેલામાં પહેલી સ્ટીમરમાં બેસી જાપાન જવું એમ નક્કી થયું. સાથે સ્વામી નારાયણતીર્થ (લાલા નારાયણદાસ)ને મોકલવાનું પણ નક્કી થયું.

લખનૌ અને આગ્રા થઈ સ્વામી રામ કલકત્તા આવી પહોંચ્યા. નારાયણસ્વામી પણ સિંધથી ત્યાં આવી પહોંચ્યા હતા. તા. ૨૮મી ઑગસ્ટ, ૧૯૦૨ના રોજ 'કુમસૈન' નામની સ્ટીમરમાં બેસી સ્વામી રામતીર્થ જાપાનમાં હિંદુધર્મનો ડંકો બજાવવા ચાલી નીકળ્યા. રસ્તામાં આવતાં બંદરોએ ઊતરી સ્વામીજી લોકોને પોતાના સત્સંગનો લાભ આપતા. આખરે ઑક્ટોબરના પહેલા અઠવાડિયામાં સ્વામીજી જાપાનના યોકોહામા નામના બંદરે ઊતર્યા.

યોકોહામામાં સ્વામી રામ એક મુલતાની શેઠ વસિયામલ આસુમલની પેઢીના મહેમાન બન્યા. જાપાન આવવાનો તેમનો મુખ્ય ઉદ્દેશ સર્વધર્મપરિષદમાં હાજરી આપવાનો હોઈ, તેઓ જાપાનની રાજધાની ટોકિયોમાં તે વિષે તપાસ કરવાનું ઠીક પડશે એમ ધારી બીજે જ દિવસે પેઢીના એક મુનીમ સાથે ટોકિયો આવી પહોંચ્યા.

ટોકિયોમાં આવી સૌથી પહેલા સ્વામી રામ 'ઈન્ડો-જાપાનિઝ કલબ'માં ગયા. આ કલબનો મુખ્ય ઉદ્દેશ જાપાનમાં અભ્યાસ કરતા હિંદી વિદ્યાર્થીઓને મદદ કરવાનો હતો. આ સભાના મંત્રી સરદાર પૂરણસિંહ નામના એક શીખ યુવાન હતા. જાપાનમાં રહી તેઓ રસાયણશાસ્ત્રનો અભ્યાસ કરતા હતા. સ્વામી રામના સંસર્ગથી તેમના જીવનમાં ભારે પરિવર્તન થયું હતું. પાછળથી તેમણે સ્વામી રામતીર્થનું એક સુંદર જીવનચરિત્ર અંગ્રેજી ભાષામાં લખ્યું હતું.

ટોકિયોમાં આવ્યા પછી સ્વામી રામને જ્યારે ખબર પડી કે અહીં તો કોઈ પણ જાતની પરિષદ ભરાવાની નથી, ત્યારે તેઓ ખૂબ હસ્યા અને કહ્યું : "રામને પોતાના હિમાલયના એકાંતનિવાસમાંથી જગત સમક્ષ બહાર લાવવાની પરમાત્માએ કેવી અદ્ભુત યુક્તિ રચી છે ! ખોટી ખબરમાંથી પણ કેટલીકવાર સારું પરિણામ આવે છે." તેમ છતાં સ્વામીજીએ ત્યાં જુદા જુદા વિષયો ઉપર બહુ ભાષણો આપ્યાં તેમાંયે 'સફળતાનું રહસ્ય' એ નામનું વ્યાખ્યાન તો ત્યાંના લોકોને બહુ જ ગમી ગયું.

સ્વામી રામ જાપાનમાં બે અઠવાડિયા જેટલો ટૂંકો સમય જ રહ્યા હતા, આ ટૂંક સમયમાં પણ તેઓ ઘણા લોકોના પરિચયમાં આવ્યા. જાપાનના મહેનતુ લોકોને જોઈ સ્વામીજીના અંતઃકરણને આપણા દેશની આળસુ સ્થિતિનું સચોટ ભાન થયું. જાપાનમાં નાનપણથી જ સ્વદેશપ્રેમ જાગ્રત કરવા માટે જે જાતનું શિક્ષણ અપાતું હતું, તે જોઈ રામના મન ઉપર ઘણી ઊંડી છાપ પડી હતી. જાપાનના કામગરા અને ઉદ્યોગી લોકોને જોઈ સ્વામી રામે કહ્યું હતું : "જાપાનના લોકોને તો રામને કશો યે ઉપદેશ આપવાનો નથી. એ બધા વેદાંતી જ છે. એ બધા રામ છે. કેવા આનંદી, કેવા સુખી, કેટલા શાંત અને કેટલા ઉદ્યોગી છે ! રામ આને જ સાચું વેદાંત અને સાચું જીવન કહે છે."

આ સમયે જાપાનમાં પૂનાવાળા પ્રૉફેસર છત્રે તેમનું સરકસ લઈ ગયા હતા. અહીં સ્વામી રામે બે એક વ્યાખ્યાનો આપ્યાં હતાં. પ્રૉફેસર છત્રે સાથે પૂના ચિત્રશાળા પ્રેસવાળા શ્રીયુત જોષીનો પરિચય પણ અહીં થયો. આ બંને સદ્ગૃહસ્થોના આગ્રહથી સ્વામી રામતીર્થે જાપાનથી અમેરિકા તરફ એમની સાથે જ પ્રયાણ કર્યું.

'પરમહંસ સ્વામી રામતીર્થ' આ.પ્ર.૩૭-૩૯

મોટા એકવાર ટ્રેનમાં મુસાફરી કરતા હતા. હેમંતભાઈ તેમની સાથે હતા. મોટાના પાકિટમાં પૈસા હતા. ટ્રેનમાં એક ગઠિયો હતો. એના મનમાં એમ કે ‘આ ભાઈ ઊંઘે છે’ પણ મોટા ઊંઘતા ન હતા. એણે ખિસ્સામાંથી પાકિટ લીધું. મોટાએ પાકિટ નિરાંતે લેવા દીધું. એ તો જાગતા રહ્યા. સ્ટેશન આવ્યું ને ગઠિયો પાકિટ લઈને ઊતરવા ઊભો થયો એટલે પેલાને મોટા કહે, ‘એ મિસ્ટર, પેલું પાકિટ તો આપી દો. પાકિટ લઈને ક્યાં જાઓ છો?’

‘કયું પાકિટ ?’

તો કહે, ‘કેમ, મારા ખિસ્સામાંથી કાઢ્યું તે.’ બિચારો શરમાઈ ગયો. એટલે આવી રીતના નુસખા પણ બન્યા કરે. જુએ કે ક્યાં સુધી ચાલે છે ?

કોઈની શેહશરમ નહિ. ગુજરાતના અગ્રગણ્ય ગુજરાતી સાહિત્ય પરિષદના અગ્રણીઓ-વિદ્વાનો-બે કવિ અને એક સાક્ષર મળવા આવ્યા. તેઓએ દાનને માટે વાત કરી. ગુજરાતી સાહિત્ય પરિષદને રૂ.૫૦,૦૦૦/- પૂજ્યે ૧૯૬૩માં (૧૯૯૫માં તેની કિંમત ૧૦ લાખ તો સહેજે થઈ જાય) આપેલા એટલે તેઓને વિચાર આવેલો કે મોટા પાસે ઘણા પૈસા હશે. આપણને બીજા કામમાં પણ થોડા પૈસા આપે તો સારું. મોટાને બધી યોજના સમજાવી. ત્યારે અમે નરોડામાં હતા. વીસ-પચીસ માણસ બેઠેલા હતા. મોટાએ કહ્યું, ‘માફ કરજો. આમાં મારું મન ગોઠતું નથી.’ એટલે એ ઊભા થયા ને જવા લાગ્યા.

મોટા બોલ્યા, ‘આ થાળીમાં જુઓ છો. આ પૈસા છે. લોકોએ આપેલા છે. અમે આશ્રમો ચલાવીએ છીએ. અમે તો કમાણી કરતા નથી. તો અમારો આશ્રમ નભશે કેમ ? એટલે દાનદક્ષિણા આપતા જાઓ. ધોતિયું ખંખેરીને ચાલતા થવાનું ના હોય.’

એમણે પૈસા આપ્યા. એમાંના કોઈએ માઠું ના લગાડ્યું. એમની એ માનસિક ઉદારતા ને વિશેષતા.

એવો જ એક દાખલો શ્રી અમૃતલાલ યાજ્ઞિકનો. મુંબઈમાં આર. આર. શેઠની કું.ના મૅનેજર શ્રી.ધીરુભાઈએ એમને ત્યાં જમવા નોતરેલા ને યાજ્ઞિકને એ પેઢી સાથે સારો સંબંધ. યાજ્ઞિક સાહેબને ધીરુભાઈએ એમના ઘેર બોલાવેલા. યાજ્ઞિક સાહેબ બેઠેલા તે મોટાએ સહેજ વાત કરી. વલ્લભવિદ્યાનગરની યુનિવર્સિટી મારફત જે ગ્રંથશ્રેણી બહાર પાડી છે તેની વાત કરી. ‘તે ગ્રંથશ્રેણીમાંની એક શ્રેણીમાં મારો લેખ પણ લીધો છે.’ એમ યાજ્ઞિક સાહેબે કહ્યું ને એ યોજનાનાં ઘણાં વખાણ કર્યાં.

એટલે મોટા કહે, ‘યાજ્ઞિક સાહેબ, વખાણ કર્યાં એ તો સમજ્યા, પણ કોઈ દિવસ થૂંકથી

પૂડલા ચડ્યા સાંભળ્યા છે ? તેલ જોઈએ. મારાં વખાણ કર્યાં તેથી મારા આશ્રમનું શું વળ્યું ? મને શો લાભ ? અમારું શું દળદળ ફીટ્યું ? હું એમ રાજી ના થાઉં. થોડાક પૈસા અમને આપો તો અમને સમજાય કે તમારો અમારા માટે કંઈક ભાવ છે.'

યાજ્ઞિક સાહેબ બહુ જ સજ્જન ! અમારી મુલાકાત પૂરી થઈ. યાજ્ઞિક સાહેબ ઘેર ગયા. રૂ. ૨૫૧/-નો ચેક લખીને અમને મોકલ્યો. ને એમના લખાણની મળેલી પૂરેપૂરી રકમ અમને મળી ગઈ. આવા સજ્જનો બહુ ઓછા હોય છે કે જે પોતાને બધાંના દેખતાં કોઈ વઢે તોય એને વિધેયાત્મક ગણે ! મોટા પરવા ના કરે કે આટલા બધા પ્રતિષ્ઠિત માણસ છે ને આ બધાં બેઠેલાં છે એમની વચ્ચે હું એમને કડવું સત્ય કહું છું. મોટાને એવો સંકોચ નહિ.

૧૯૭૨માં રાજકોટમાં મોટાનો જન્મદિન ઉત્સવ હતો. ઢેબરભાઈ પ્રમુખ હતા. ઢેબરભાઈ એ વખતે કોંગ્રેસના મહામંત્રી હતા. તે એટલા બધા મહત્ત્વના હોદ્દા પર હતા. એ કેંદ્રીય પ્રધાનમંડળનો હોદ્દો ગણાય. મિલન-સમારંભ મિટિંગ સવારે આઠ વાગ્યે શરૂ થનાર હતી. આઠ વાગ્યે ઢેબરભાઈ આવ્યા નહિ. એટલે મોટાએ સંચાલકભાઈને કહ્યું કે 'આપણું કામ શરૂ કરો.'

સંચાલક કહે, 'થોડો વખત રાહ તો જુઓ.' 'ના, રાહ ના જોવાય. ગમે તેવો મોટો માણસ હોય, એ ના હોય તો આપણે એની ગેરહાજરીમાં શરૂ કરી દેવું જોઈએ.'

સમારંભ શરૂ થઈ ગયો. દસેક મિનિટ પછી ઢેબરભાઈ આવ્યા. હજુ તો મંડપમાં પેસે છે ત્યાં તો મોટા કહે, 'ઢેબરભાઈ ! મોડું કેમ થયું ? આ બધાંને બેસાડી રાખ્યાં ! આવું આપણને શોભે નહિ !' એમણે નમ્રતાથી જવાબ આપ્યો કે 'મારી તબિયત સારી નથી એટલે મારે મોડું થયું.'

'તો આવવાનું સ્વીકારવું ન હતું. આપણને કોઈ બાંધી મારે છે ? પણ જો આમંત્રણ સ્વીકાર્યું હોય તો ગમે તેવા સંજોગોમાં પણ આપણે હાજરી આપવી જોઈએ.'

ઢેબરભાઈ એક અક્ષર બોલ્યા નહિ. મિટિંગ પૂરી થઈ ગઈ. મને થયું કે ઢેબરભાઈ કદાચ માઠું લગાડશે. આટલા મોટા માણસ ! આમ તો 'મોટા' એમનાથી ઘણા મોટા, પણ સમાજની દૃષ્ટિએ તો મોટાનું મૂલ્યાંકન કેટલું ?

ઢેબરભાઈ કહે, 'મોટા, મારે તમારી સાથે સત્સંગ કરવો છે.' મોટાએ કહ્યું, 'અહીંયાં નહિ. ટોળાંમાં ના ફાવે. તમે મને રોટલા ખાવા તમારા ઘેર બોલાવો. દક્ષિણા આપજો. તો હું તમારા ઘેર સત્સંગ કરવા આવીશ.'

ગુજરાત રાજ્યના એક ઉચ્ચ માજી અધિકારી શ્રી.ગુલાબભાઈ ત્યાં હાજર હતા. મોટાના બહુ પ્રશંસક હતા. એક ચોપડી છપાવી આપેલી. બહુ ભાવિક હતા.

તેઓ કહે, 'મોટા, હું રહું છું ત્યાં રાખો. જૂહુ સ્કીમમાં. ત્યાં ઢેબરભાઈ આવશે ને આપ પણ પધારજો. તમે મુંબઈ આવવાના હો ત્યારે પ્રોગ્રામ બનાવજો. ને ઢેબરભાઈ આવશે ને આપણે સત્સંગ કરીશું.'

મોટા કહે, 'સારું'.

અમે ત્યાં ગયા હતા. અમે સત્સંગ કર્યો. ઢેબરભાઈ ખાસ આવ્યા. એ એમની નમ્રતા હતી. મોટાની સ્પષ્ટતા ખરી કે શેહશરમ વિના સાચી વાત કહેવી. એવી રીતે, સામે પક્ષે ઢેબરભાઈની મોટાઈ બતાવે છે, કે ખરી વસ્તુ આપણને કોઈ સમજાવે તો માઠું ના લગાડવું. એના તરફ ભાવ વધવો જોઈએ.

એમણે ભાવભર્યું આમંત્રણ આપીને, સામે ચાલીને સત્સંગ માગ્યો. મોટાએ આવા આવા નુસખાઓ ઘણા કર્યા હતા.

એક યજમાન અમને મદ્રાસથી કુંભકોણમ્ એમની ગાડીમાં મૂકવા આવ્યા હતા. એમના હાથે ઘડિયાળ હતું. એ વખતે એની કિંમત ૧૩ હજાર રૂપિયા હતી. ત્યારના ૧૩ હજાર એટલે ૧૯૯૫ના લગભગ ૨ લાખ રૂપિયા તો ખરા. રોલેક્સ નામ પણ જાણીતું છે. સોનાનો પટ્ટો, સોનાની ઘડિયાળ, હીરા જડેલા. લોકોમાં પ્રતિષ્ઠાની નિશાની ગણાતી. એ પહેરીએ તો 'પ્રેસ્ટિજ' ગણાય.

પેલા ભાઈએ કહ્યું, 'મોટા, આ ઘડિયાળ તમને ભેટ કરું છું.' તો કહે, 'ભાઈલા, મારે શું કરવાની ? આ તો તમને શોભે. તમે રાખો.' હસીને એને પાછું આપી દીધું. ના લીધું. ઈંદુભાઈ શૅરદલાલ બોલ્યા, 'લઈ લેવું હતુંને, મોટા !'

તો કહે, 'હજુ ઝાઝો પરિચય થયો નથી. આ પહેલી વારનો પરિચય છે. આપણને મદ્રાસ બોલાવ્યા. આપણને રાખ્યા. આપણને મૂકવા આવ્યા. આર્થિક મદદ કરી. જ્યાં લેવા જેવું છે ત્યાં માગીને લેવાય. દબાણ કરીનેય લેવાય.

વાડીલાલ આઇસક્રીમવાળા શ્રી બચુભાઈને ત્યાં અમને રાત રહેવાનું અને જમવાનું આમંત્રણ મળેલું. દિવસ દરમિયાન ઘણા લોકો આવ્યા ને ગયા. અમે રાત રહ્યા. રાત્રે સૂતા ત્યાં સુધી તો ભેટની રકમ મળી નહિ. અમે બધા ચાર વાગ્યે ઊઠ્યા. એ પણ ઊઠ્યા. મોટાનો જવાનો ટાઈમ થયો. સાડા પાંચ વાગ્યે નીકળી જવાનો ટાઈમ. પાંચ થયા પણ ભેટનું કોઈ ચિહ્ન દેખાય નહિ. પછી યજમાન રૂ. ૧૦૦૦/- ભેટના લાવ્યા.

બચુભાઈ, આ રૂ.૧૦૦૦/-ના ચાલે. તમારું આવડું મોટું મકાન, નામ પણ મોટું.'

એક ક્ષણનો પણ વિચાર કર્યા વિના બચુભાઈએ રૂ.૧૦૦૦/-ના સ્થાને રૂ.૨૦૦૦/- તરત જ આપ્યા. મને થયું કે મોટા તો વળગી પડ્યા ! પણ પછી તો બચુભાઈને એવો રંગ લાગ્યો કે અવારનવાર બોલાવતા. આશ્રમમાં આવતા. અનાજ, તેલ, કઠોળ, આઇસક્રીમ મોકલતા. એમની આઇસક્રીમની ફૅક્ટરી પર લઈ ગયેલા. જુદા જુદા નમૂના ખવડાવેલા. એટલો બધો મોટા પ્રત્યે ભાવ થયો. કોઈ સામાન્ય મનુષ્ય

હોય તો એમ જ વિચારત કે મોટાને બોલાવવા જેવું નથી. બચુભાઈ તો આમેય બહુ સજ્જન હતા. એટલે એમની વિશેષતા તો ખરી જ. વગર સંકોચે ૧૯૬૮-'૬૯ની સાલના રૂ.૨૦૦૦/- આપ્યા. (ત્યારના રૂ.૨૦૦૦/- ને આજના રૂ.૨૦,૦૦૦/- ને તે પણ હજારને બદલે ૨ હજાર) પણ એ મોટાની માણસની કળવાની રીતો જુદી હતી. અને એવો સંબંધ બંધાયો કે મોટાએ દેહ છોડ્યા પછી પણ એમણે આશ્રમને મબલક ભેટ આપવાની ચાલુ રાખેલી. વર્ષમાં બેત્રણ વાર મોટી મોટી રકમના ચેકો એમ ને એમ આપતા.

'શ્રીમોટાની મહત્તા', બીજી.આ. પૃ. ૭૮-૮૩

**હરિઃૐ**

**ભૂલસુધાર**

એપ્રિલ ૨૦૨૪ ના 'હરિભાવ'માં શ્રી ભરતકુમાર પ્રા.ઠાકરનો લેખ ક્રમાંક નં.૨ ઉપર છે. તેમાં પાના નં.૬ ઉપર એવો ઉલ્લેખ છે કે પૂજ્ય શ્રીબાળયોગીજી મહારાજે પૂજ્ય શ્રીમોટાને હરિઃૐ મંત્ર જાપ કરવા કહ્યું.

સ્વજનો વાકેફ છે કે નર્મદા કિનારે રણછોડજીના મંદિરના સાધુ પુરુષે પૂજ્ય શ્રીમોટાને હરિઃૐ મંત્ર જપવાનું કહ્યું હતું.

આ હકીકત દોષ પ્રત્યે લેખકશ્રીનું પણ ધ્યાન દોરવામાં આવ્યું છે. 'હરિભાવ' ના વાચક સ્વજનોની જાણકારી માટે આ ભૂલસુધાર પ્રકાશિત કરીએ છીએ. - સંપાદક

# સ્મરણ : ભવતારણ

આ સ્મરણનો પ્રયોગ ભગવાનની કૃપાથી મેં પ્રયોગાત્મક રીતે પણ ચલાવ્યો છે. આધ્યાત્મિક માર્ગના વિકાસને માટે બીજાં એવાં સાધનોમાં ચિત્તશુદ્ધિ, પ્રાણશુદ્ધિ અને અહંશુદ્ધિ-આ બધું જોઈએ. એવી શુદ્ધિનું પ્રગટીકરણ થયા વિના યોગ તો થઈ શકે જ નહિ. યોગને માટે શુદ્ધિ અનિવાર્ય. જ્ઞાનમાર્ગને માટે પણ.

પાપીમાં પાપી અને અધમાધમ એવા છેક નિમ્નમાં નિમ્ન ગતિના જીવ ભગવાનનું સ્મરણ કરીને આ ભવસાગરમાંથી તરી ગયા છે. એવા ઐતિહાસિક દાખલા પણ છે.

આ કાળમાં **(જેને હું પ્રપંચકાળ કહું છું)** ભગવાનનું સ્મરણ એ જ એક ઉત્તમમાં ઉત્તમ તરવાનું સાધન છે.... **શ્રીમોટા**

'જીવનસ્પંદન' પ્ર.આ. લેખકના બે બોલમાંથી

## (૫) ૨૧ દિવસના ૩૪ મૌન અનુષ્ઠાન

શ્રી અશોકભાઈ નટુભાઈ પટેલ

પૂજ્ય શ્રીમોટાના પરમ ભક્ત અને દર વર્ષે નિયમિત મૌન રૂમમાં લાંબો સમય અનુષ્ઠાન કરનાર શ્રી અશોકભાઈ નટુભાઈ પટેલ ઉંમર વર્ષ ૭૫ નું તા.૨, એપ્રિલ, ૨૦૨૪ ના રોજ પોંડિચેરી મુકામે અવસાન થયેલ છે.

સદ્ગતશ્રીનો પૂજ્ય શ્રીમોટા સાથે અત્યંત ભક્તિભાવ હતો. છેલલે નડિયાદમાં શેઢી નદીમાં જે ભયંકર પૂર આવેલ તે સમયે તેઓશ્રી મૌનરૂમમાં હતા. નદીના પાણીથી આખો આશ્રમ જળબંબાકાર થયેલો અને કર્મચારી સેવકો માળિયામાં ચઢી ગયેલા તે વખતે આશ્રમમાં રહેલ મૌનાર્થીઓને સલામતી ખાતર બહાર કાઢવાની વ્યવસ્થા કરાઈ હતી. ત્યારે તેઓશ્રી નછૂટકે બહાર આવવા તૈયાર થયેલા. આવો અટલ વિશ્વાસ અને શ્રદ્ધા પૂજ્ય શ્રીમોટા ઉપર તેઓ ધરાવતા હતા.

તા.૩૧-૫-૨૦૦૯ ના રોજ તેઓશ્રીએ લખેલ લેખને હરિભાવમાં પ્રકાશિત કરી તેઓશ્રીને શ્રદ્ધાંજલિ આપવાનો પ્રયાસ કરેલ છે. પૂજ્ય શ્રીમોટા આવા પુણ્યશાળી આત્માને પરમ શાંતિ અને શ્રેય પ્રેરશે જ એવી શ્રદ્ધા છે.

...સંપાદક

---

આશરે ૩૮ વર્ષ પહેલાં, પહેલીવાર કુંભકોણમ્‌માં અઠવાડિયા માટે મૌનમાં બેસવાનું થયું હતું. તે વખતે પૂજ્ય શ્રીમોટા આશ્રમમાં ન હતા. મૌનમાં જે તે વ્યક્તિના વિચાર આવે તેનું સ્વરૂપ સામે દેખાયા કરે, આથી ત્રણ દિવસમાં જ બહાર નીકળી જવાનું થયેલું. બીજું બધું કરીશ પણ મૌનમાં કોઈ દિવસ નહિ બેસું એવું નક્કી કર્યું.

પૂજ્ય શ્રીમોટા ગુરુપૂર્ણિમા ત્રિચિનાપલ્લી કરતા અને પછી કુંભકોણમ આવીને રહેતા હતા. ત્યારે શ્રીમોટા સાથે ત્રિચિનાપલ્લીમાં ગુરુપૂર્ણિમાનો તેમજ કુંભકોણમમાં રહેવાનો લાભ મળતો. કુંભકોણમ, બે વડીલો મૌનમાં વારાફરતી અઠવાડિયા માટે બેસવાના હતા. ત્યારે શ્રીમોટાએ કહ્યું આ છોકરો પણ બેસશે. આ રીતે ફરી મૌનમાં બેસવાની શરૂઆત થઈ.

પૂજ્ય શ્રીમોટા મૌનમાં મૂકવા આવ્યા. પ્રાર્થના પછી પૂજ્ય શ્રીમોટા બોલ્યા, કોઈ જીવ ૨૧ દિવસ, ૨૧ વખત મૌનમાં બેસે... હું બોલી ઊઠયો ગાંડો થઈ જાય. પૂજ્ય શ્રીમોટા ખૂબ જ ગુસ્સામાં આવી ગયા, અને ફરી બોલ્યા કોઈ જીવ ૨૧ દિવસ, ૨૧ વખત મૌનમાં બેસે તો તેનું કલ્યાણ થઈ જાય. તે પછી ગુસ્સામાં ને ગુસ્સામાં બહાર નીકળી ગયા. આ રીતે પ્રભુએ કૃપા કરી મારામાં આ સંકલ્પ મૂકી દીધો. ત્યાર બાદ થોડાં વર્ષો સુધી અઠવાડિયા માટે મૌન બેસવાનું થતું

ત્યારબાદ પૂજ્ય શ્રીમોટાની કૃપાથી ૨૧ દિવસના ૩૪ મૌન માં નડિયાદ આશ્રમમાં થયા. હાલમાં તબિયતને લઈને બંધ છે.

મૌનમાં બેસવાની સાથે જ નામસ્મરણ જાગૃતમનથી ચાલુ કરી દેતો. પણ તે સાથે જ અર્ધજાગૃત મનમાં ધમાસાણ ચાલુ થઈ જતું. પહેલો દિવસ સામાન્ય જતો. બીજા દિવસથી ગભરામણ થવી, ગુમ (સુમ) રહેવું, બીક લાગવી, બહાર નીકળી જવાની ઈચ્છા થવાની વૃત્તિ તેમજ ખૂબજ પ્રમાણમાં જીવ-મનની બળતરા થયા કરતી. આવ વૃત્તિ ધીમે ધીમે જેમ જેમ મૌનના દિવસો આગળ વધે તેમ ઓછી થતી પણ પૂરેપૂરી જતી રહેતી નહતી. અવારનવાર પાછી પણ આવતી હોય છે. આ સાથે જ્યાં જ્યાં જીવ ભરાયો હોય, આસક્તિ હોય, તેના વિચારોની શરૂઆત થાય છે. તે વિચારોની ઉગ્રતા વધી જતી હોય છે. પછી તો તે વિચારો ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા હોય છે. આપણને સ્પષ્ટ કરાવતા હોય છે કે કયાં આસક્તિ છે. જ્યાં સુધી આપણે કબૂલીએ નહિ ત્યાં સુધી આ ચાલુ રહેતું હોય છે, જ્યારે આપણે કબૂલીએ કે આ બરાબર નથી, આવું હું નહિ કરું, હું સુધરીશ ત્યાર પછી તે બંધ થતા હોય છે. ફરી બીજી કોઈ વૃત્તિને લઈને આ શુદ્ધિકરણની પ્રક્રિયા ચાલુ થાય છે. પહેલા આઠ દિવસ સુધી આ વધારે રહેતું હોય છે.

નવમા દિવસથી ભૂમિકામાં બદલાવ આવે છે નામસ્મરણમાં આનંદ આવવા માંડે છે. નામમાં સૂક્ષ્મતાનો અનુભવ થવા લાગે છે. નામસ્મરણમાં પ્રાણનો અનુભવ થવા માંડે છે. મસ્તકની આજુબાજુ પ્રકાશ, ઓરા દેખાવાની શરૂઆત થાય છે. જીવદશાના વિચારો ઓછા થઈ જાય છે. આ સોળમાં દિવસ સુધી ચાલે છે.

૧૭ મા દિવસથી ફરી ભૂમિકામાં બદલાવ આવે છે. નામસ્મરણમાં અદ્‌ભુત આનંદ આવવા માંડે છે. નામ અતિ સૂક્ષ્મ થઈ જાય છે. નામસ્મરણમાં જબ્બરજસ્ત પ્રાણના પ્રવાહનો અનુભવ થવા માંડે છે. નામના શબ્દનો અનુભવ, શબ્દનો સ્પર્શ, હૃદય, મસ્તક, તાળવું, જીભ, હોઠ, નાકમાં થવા માંડે છે. નામ અમૃતમય મધુર થઈ જાય છે. પ્રકાશ, ઓરા પણ વધતા જાય છે. કોઈક કોઈક વાર શરીરમાં ભૂરો પ્રકાશ પણ અનુભવાય છે. કોઈક વાર મસ્તકમાં અર્ધવિકસિત સહસ્ત્રાદળ પણ અનુભવાય છે. જીવન ધન્ય લાગે છે. પૂજ્ય શ્રીમોટાની ચેતના નિરાકાર રૂપે, ભાવરૂપે અનુભવાયા કરતી હોય છે. કોઈક કોઈક વાર પૂજ્ય શ્રીમોટાનો અનુભવ પોતાના શરીરમાં થતો હોય છે. જાણે એક શરીરમાં બે શરીર હોય! કોઈક વાર પૂજ્ય શ્રીમોટાનો અવાજ પણ સંભળાતો હોય છે. તે એકાદ શબ્દ કે એકાદ વાક્ય પૂરતો જ મર્યાદિત હોય છે. આ ૨૧ માં દિવસ સુધી ચાલે છે.

આ રીતે મૌનમાં બેસવાની ક્રિયા મારે માટે, મૃત્યુ પછીની સ્થૂળ, સુક્ષ્મ અને કારણની

યાત્રા સમાન છે. આ યાત્રા દરમ્યાન એસ્સીમિલેશન, વાગોળવાનું પણ થતું હોય છે અને સાઈકીક આરામ, આનંદ પણ મળતો હોય છે.

પૂજ્ય શ્રીમોટાની કૃપાથી મૌનમાં અનુભવેલ ભાવ, ઊંડાણ, બહાર આવ્યા પછી ધીમે ધીમે, અઠવાડિયામાં જતા રહેતા હોય છે.

અન્ય અનુભવો :

(૧) એક વ્યકિત માટે મને દ્વેષ હોય તે વૃત્તિ વધ્યે જતી હોય છે. પછી તો મારા સૂક્ષ્મ શરીરમાં ભડકો થાય છે, બળે છે, તે પછી મારામાંથી તે વ્યકિત માટેનો દ્વેષભાવ જતો રહે છે.

(૨) નામસ્મરણ બોલીને લેતાં અને બોલેલું સાંભળતાં, પ્રકાશનો પણ વિસ્ફોટ થતો હોય છે. તે પ્રકાશ ઓરામાં સમાઈ જતો હોય છે. જેમ જેમ મૌનના દિવસો આગળ વધતા જતા હોય છે તેમ ઓરામાં પ્રકાશ પણ વધતો જતો હોય છે. તે લાઈટ બંધ હોય તોપણ લાઈટ ચાલુ હોય તેવું લાગ્યા કરતું હોય છે. કોઈક વાર ઓરાનો પ્રકાશ મસ્તકની આજુબાજુ ગોળ આકારમાં પરિણમતો હોય છે.

(૩) એકવાર મૃત્યુ પહેલાંની ક્ષણનો અનુભવ થાય છે. સૂક્ષ્મ શરીરનું પોષણ થયેલ, બળવાન થયેલ, બીજા જન્મ માટે પૂર્ણ રીતે તૈયાર થયેલ અનુભવું છું.

(૪) એકવાર પ્રકાશની રેખા દેખાય છે, તે પૂજ્ય શ્રીમોટાના સમાધિવાળા સ્વરૂપનો આકાર લે છે. અને તે સ્વરૂપ પછી હૃદયમાં પ્રવેશી જાય છે. જાણે સૂર્ય પ્રવેશ્યો હોય એવું લાગે છે. હૃદય, શરીર થોડા સમય માટે ગરમ થઈ જાય છે.

(૫) એકવાર ઉર્ધ્વ ચેતનાનો અનુભવ થાય છે. તેમાં વિચાર આવતો હોય છે કે આવી રીતે હું મૌનમાં બેસતો હતો. પછી તે ચેતનામાં અને ૩ જન્મો પહેલાં પ્રભુથી છૂટા પડવાની તેમજ પાછા તેનામાં ભળી જવાની છાપ પણ ભૂંસાઈ જાય છે.

પૂજ્ય શ્રીમોટાનાં ચાર વચનો જે શરૂઆતમાં મળવાનું થયું ત્યારે કહેતા :-

(૧) નામસ્મરણ ધીમેથી બોલીને લેવાનું અને બોલેલું સાંભળવાનું.

(૨) નાની ઉંમરમાં મૌનમાં બેસવાનું, ઘડપણમાં મન-જીવ શરીરમાં ને શરીરમાં રહે.

(૩) પહેલાંનું કરેલું અંદર છે, આ વખતે કરીશ તે ઉમેરાશે.

(૪) આ વખતે કરીશ તે ઉદય વર્તમાન થશે ત્યારે ખસાશે, ભૂમિકા બદલાશે.

અશોકભાઈ પટેલ (૩૧-૦૫-૨૦૦૯)

(શરૂઆતમાં મદ્રાસ પછી વિદ્યાનગર હાલ પોંડિચેરી)

## (૬) એક અહેવાલ

**શ્રી નીતિન રામી**

વર્ષોવર્ષની પરંપરા પ્રમાણે ગીતામંદિર - વડોદરા ખાતેના મુખ્ય સંચાલિકા ડૉ. કુ.ગીતાબહેન શાહની અધ્યક્ષતા નીચે શ્રી ગીતા સંસ્કૃત સમિતિ ગીતા જયંતી નિમિત્તે ગુજરાત ભરની શાળા, મહાશાળાઓ, મહાવિદ્યાલયોમાં ભગવદ્ ગીતા ઉપર વિવિધ સ્પર્ધાઓ જેમકે ગીતા-પઠન, ગીતા શ્લોક, ગીતા મુખપાઠ, વકૃતત્વ-નિબંધ સ્પર્ધાઓ, ગીતા પર વિચાર વિસ્તાર, રંગપૂરણી, ચિત્ર સ્પર્ધા, એક પાત્રી અભિયન, ગીતા-ક્વિઝ વગેરે વગેરેનું આયોજન કરવામાં આવેલ હતું.

ગીતા મંદિર નડિયાદ પ્રકલ્પના નેજા હેઠળ વસો, સલૂણ, નડિયાદ, પેટલાદ, બોટાદ, કપડવંજ, સેંદરડા, જય મહારાજ - શાળાઓમાં હજારો બાળકોએ ઉત્સાહથી હોંશથી, જુસ્સાથી ભાગ લીધો હતો. તેમજ ભારતીય સંસ્કૃતિ અને ભગવદ્ ગીતાથી વાકેફ, માહિતગાર થયા હતાં. વિવિધ હરિફાઈઓમાં ૧૫૬૮ બાળકો વિજેતા જાહેર થયેલ હતાં.

નડિયાદ - સાહિત્યપ્રેમીઓની સંસ્કારી નગરી છે. ગોવર્ધનરામ ત્રિપાઠી, બકુલ ત્રિપાઠી, મણિભાઈ દ્વિવેદી, બાલાશંકર કંથારિયા જેવા સાહિત્યકારોની જન્મભૂમિક-કર્મભૂમિ છે. તો સંતરામ મહારાજ, જાનકીદાસ મહારાજની પૂણ્યભૂમિ છે.

સગુણ-નિર્ગુણ-સાક્ષાત્કારી અને મારે સમાજને બેઠો કરવો છે ની વિચારધારા આપી કરોડો રૂપિયાના દાન આપનાર નડિયાદને કર્મભૂમિ બનાવનાર પૂજ્ય શ્રીમોટાએ જૂના બિલોદરા ગામ પાસે શેઢી નદીના કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના કરી જગતભરમાં મૌલિક એવા મૌનમંદિરની ભેટ સમાજને ધરી છે.

હાલમાં પૂજ્ય શ્રીમોટાની ૧૨૫મી જન્મજયંતી ઉજવાઈ રહી છે. જેને અનુલક્ષી શ્રી હરિઃૐ સત્સંગ મંડળ - અમદાવાદે રૂા.૮૫,૦૦૦/- થી વધુનાં ઇનામો નડિયાદ પ્રકલ્પના ઉકત ૧૫૬૮ વિજેતા બાળકોને આપવાનું નકકી કરેલ.

બાળકોને ડોમ્સ કંપનીના આકર્ષક કંપાસ, નયનરમ્ય વાઉ કીટ, હેપી કીટ, માય પેન્સિલ કીટ, વિવિધ ફાઇલો, બટન ફાઇલ, વગેરે ઇનામસ્વરૂપે આપવામાં આવતાં બાળકો ખુશીથી ઝૂમી ઊઠયા હતાં. વાલીઓ અચંબિત તો શિક્ષકો-નિર્ણાયકો સ્તબ્ધ થઈ ગયેલા જણાતા હતા. નિર્ણાયકો - આચાર્યોને પણ ડોકયુમેન્ટ હૅન્ડલ બેગ - પૂજ્ય શ્રીમોટાના પુસ્તક સાથે સપ્રેમ આપવામાં આવતાં ખુશખુશાલ જણાઈ આવતા હતા.

**અનુસંધાન પાના-૮ પર**

## (૭) પ્રેમનો પ્રભાવ

અનુવાદકઃશ્રી માણેકલાલ એન. દોશી

(ગતાંકનું ચાલુ)

ઉપર જણાવ્યા પ્રમાણે દરેક પળે તમે તમારા વિચારો વડે તમારાં તન તથા મનને રચતા હોવાથી તમે કેવા વિચારો કરો છો, તે તરફ અવશ્ય લક્ષ્ય રાખો.

દ્વેષ અને બીજી અશુભ લાગણીઓ દરેક માણસ માટે અસ્વાભાવિક, અકુદરતી હોવાથી વિશ્વવ્યવસ્થાથી પણ તે પ્રતિકૂળ છે. પ્રેમ એ જેમ ઈશ્વરી નિયમનું અનુસરણ છે; તેમ પ્રેમની વિરુદ્ધની લાગણીઓ એ ઈશ્વરી નિયમની વિરોધી છે અને જ્યાં ઈશ્વરી નિયમનો વિરોધ અથવા ભંગ થયો; ત્યાં તેના પરિણામે દુઃખ અને વ્યાધિ એક યા બીજા રૂપમાં આવ્યા વિના રહેવાનાં જ નહિ. આ નિયમમાંથી કોઈ પણ છટકી શકે તેમ નથી. જો તમે ક્રોધ, દ્વેષ, અશુભચિંતન, તિરસ્કાર અથવા નિંદાના વિચારો કર્યા કરો; તો તમારા તન-મન ઉપર તેથી ઝેરી અને નાશકારક જ અસર થવાની.

એ અશુભ વિચારો તમારા તન-મનના બાંધાને અંદરથી તોડવા માંડીને રોગો ઉપજાવે છે. તમારા અશુભ વિચાર આ પ્રમાણે તમારા હકમાં વિનાશક નીવડવા ઉપરાંત તેને લીધે બીજાઓ તરફથી પણ એવા જ પ્રકારના વિચારો તમારા તરફ આકર્ષાઈ આવતા હોવાથી તે પણ તમારા શરીરના બંધારણને વધારે નુકસાન કરવા લાગે છે.

'જે તલવાર ઝાલે છે તે તલવારથી જ મરે છે' અથવા 'ખાડો ખોદે તે પડે' આ કહેવતમાં ગંભીર સત્ય રહેલું છે. વિચારશક્તિમાં રહેલા સૂક્ષ્મ-પણ અસાધારણ સામર્થ્યનો જેને ખ્યાલ હશે તેણે સ્વીકારવું જ પડશે કે, જ્યારે આપણે બીજા મનુષ્યસંબંધી દ્વેષનો વિચાર કરીએ છીએ, ત્યારે તે અશુભ વિચારરૂપી રાક્ષસો તે માણસ તરફ જાય છે અને તેના મનમાં પણ સામા તેવા જ દ્વેષના વિચારો ઉપજાવીને તે મૂળ મનુષ્યની જ તરફ પાછા ખેંચાઈ આવે છે. માત્ર દ્વેષના જ નહિ, પરંતુ સ્વાર્થ, લોભ, ક્રોધ, મદ ઇત્યાદિ દરેક અશુભ વિચારની એવી જ અસર થાય છે. માટે એવી હલકી લાગણીઓને હૃદયમાં સ્થાન આપવાથી જેના પ્રત્યે તે રાખવામાં આવી હોય અથવા દર્શાવવામાં આવી હોય, તેના કરતાં તે રાખનાર અથવા દર્શાવનારને પોતાને જ તે વધારે હાનિ પહોંચાડે છે.

ઉપર પ્રમાણે પ્રેમ એ પ્રેમનો જનક છે અને દ્વેષ એ દ્વેષનો જનક છે. પ્રેમ અને શુભ ભાવના શરીરને પ્રોત્સાહન અને જીવન આપે છે, ત્યારે દ્વેષ અને અશુભ ભાવનાથી શરીર અંદરથી ઘસાવા માંડી શિથિલ થતું જાય છે.

જગતમાં અનેક પ્રેમાળ માણસો, વીર આત્માઓ અને પવિત્ર તથા સત્યવાદી સ્ત્રી-પુરુષો હયાત હોવાથી જગતને તમારી ઉચ્ચમાં ઉચ્ચ ભાવનાઓ આપો; એટલે એ શ્રેષ્ઠ આત્માઓની ઉત્તમ ભાવનાઓ તમારા તરફ પણ જરૂર આકર્ષાશે.

પ્રભુમય જીવન - પૃ.૮૬-૮૭

## (૮) ગયેલા આત્માને.... **સંપાદક**

(૧) ગામ દોણ, તા.સોનગઢ જિ. તાપી નિવાસી પૂજ્ય શ્રીમોટાનાં સ્વજન શ્રી ગીજુભાઈ મોતિયાભાઈ ગામીત તા.૨૨-૦૩-૨૦૨૪ ના રોજ દેવલોક પામેલ છે. તેઓશ્રી પૂજ્યશ્રીના પરમ ભક્ત-સેવક હતા અને તેઓને સદ્‌ગુરુના અનુભવો પણ થયેલા હતા.

(૨) અમદાવાદનિવાસી સ્વજન શ્રીમતી ફાલ્ગુનીબહેન પ્રવિણભાઈ જોશી (મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, - નવરચના હાઈસ્કૂલ, જનતાનગર રામોલ, અમદાવાદ તથા સને ૨૦૧૦ થી સેવાઓ આપનાર ટ્રસ્ટીશ્રી, શ્રી મહાજન શક્તિદળ અમદાવાદ (રાજપીપળા) તા.૨૭-૩-૨૦૨૪ ના રોજ દેવલોક પામેલ છે. જેઓએ વિદ્યાર્થિજગતમાં આગવું નામ પ્રાપ્ત કરેલ હતું. તેઓશ્રી ખાસ તો વિદ્યાર્થિનીઓના સંપૂર્ણ વિકાસ માટે ગુજરાતભરની શાળાઓને આમંત્રિત કરતા અને અનેકવિધ સ્પર્ધાઓનું આયોજન કરાવતાં અને વિદ્યાર્થીઓને અનેક પ્રકારના સન્માન, ઇનામ અને પ્રમાણપત્ર આપી અનોખો ઉત્સાહ પ્રેરતા હતા.

(૩) પૂજ્ય શ્રીમોટા સાથે જે પરિવાર શરૂઆતના સમયથી જોડાયેલ તે સ્વ.ઉમેદભાઈ ધનાભાઈ પટેલ (ભગત) તથા સ્વ.કાંતાબા ઉમેદભાઈ પટેલ (ભગત) ના સુપુત્ર મુકુંદભાઈ ઉમેદભાઈ પટેલ (ભગત) તા.૧૨-૦૪-૨૦૨૪ ના રોજ ઉ.વર્ષ ૭૨, નરોડા ખાતે દેવલોક પામેલ છે.

(૪) સુરતનિવાસી પૂજ્ય શ્રીમોટાના અનન્ય ભક્ત પરિવારના શ્રીમતી ચંદ્રિકાબહેન જયંતીલાલ તમાકુવાળા તા.૧૨-૦૪-૨૦૨૪ ના રોજ શ્રીજીચરણ પામ્યાં છે.

ઉપરોક્ત સ્વજનશ્રીઓને પૂજ્ય શ્રીમોટા પરમ શાંતિ અર્પે તથા શ્રેયકલ્યાણ પ્રેરે તેવી પ્રાર્થના..... **સંપાદક**

**પૂજ્ય શ્રીમોટાકૃત જીવનવિકાસક પંક્તિઓઃ**

પ્રભુ વિના કશો ખ્યાલ ઉઠવા દ્યો ન ચિત્તમાં,
કામ સૌ આપણાં એ તો થયાં તે કરશે સદા.
પ્રભુમાં સર્વ આધાર શ્રધ્ધા વિશ્વાસ જીવતાં;
જેને બેઠા હશે ઊંડા, તેવા નિર્ભય રે'સદા
અનાસક્ત થવા કાજે, કર્મ કંઈ ના ગોતશો,
ભાવે આવેલ જે કર્મ, પ્રભુ પ્રીત્યર્થે તે કરો.
અન્યાય ભોગવી લેતાં, આવડે દિલ જેહને
એવો સજ્જન સદ્‌ભાગી, દુર્લભ મળવો જગે
-શ્રીમોટા

શ્રીમોટાવાણી ભાગ ૧, બીજી.આ.પૃ.૪૨-૪૩

## (૯) અક્કલકોટના સ્વામી શ્રીસમર્થ

**શ્રીમતી સુશીલા ટી. અમીન**

અક્કલકોટના સ્વામી શ્રી સમર્થને તેમના ભાવિક ભક્તો દત્તાત્રેયનો અવતાર માને છે. તેમના પૂર્વજીવનનો ઇતિહાસ જાણવા મળતો નથી. શ્રી સમર્થના પ્રાગટ્ય વિષે રસપ્રદ માહિતી મળે છે. શ્રી નરસિંહ સરસ્વતી તપશ્ચર્યા કરવા માટે હિમાલયમાં ગયા. ત્યાં જઈ ઘણા સમય સુધી કઠણ તપશ્ચર્યા કરી. ઘણો સમય તે સમાધિમાં ડૂબેલા રહ્યા. એટલે તેમના શરીરની આસપાસ મોટો રાફડો થઈ ગયો. પીપળાના વૃક્ષ નીચે શ્રી સમર્થ સમાધિ અવસ્થામાં બેઠા છે તેની ખબર કોઈને રહી નહિ. એક દિવસ એક કઠિયારો બળતણ માટે કુહાડી વડે પીપળાના વૃક્ષને ખોદી લાકડાં એકઠા કરવા ગયો હતો. પીપળાના વૃક્ષ નીચે રાફડો હતો. તે ખોદતાં રાફડામાંથી લોહીની ધારા વહેવા લાગી. આથી સમાધિસ્થ શ્રી સમર્થની સમાધિ તૂટી અને જાગૃત થયા. તે જોઈ કઠિયારો પોતાને શાપ મળશે એ બીકથી ધ્રૂજવા લાગ્યો અને ગભરાયો. તેથી તે કરગરવા લાગ્યો, ત્યારે શ્રી સમર્થે કઠિયારાને કહ્યું, ''તું ગભરાઈશ નહિ. તારા નિમિત્તે મારે જગતના કલ્યાણ માટે પ્રગટ થવાનું હશે. એમાં તું શોક શાનો કરે છે ? તું આનંદમાં સ્વસ્થ થા.'' આ નિમિત્તના કારણે રાફડામાંથી શ્રી નરસિંહ સરસ્વતી બહાર પ્રગટ થયા. ત્યારે તેમણે કઠિયારાને કહ્યું, ''મારું નામ શ્રી નરસિંહ સરસ્વતી છે.'' આ ઉપરથી ઘણા લોકો એમ માને છે કે શ્રી સમર્થ એ જ શ્રી નરસિંહ સરસ્વતી, દત્તભગવાન, મૂળપુરુષ - પુરાણ પુરુષ પુરુષોત્તમ ભગવાન પોતે જ છે.

શ્રી સમર્થ સત્યસ્વરૂપ હતા. તેઓ છ ફૂટ ઊંચાઈ ધરાવતા પ્રતિભાશાળી, શક્તિશાળી સંત હતા. તેમના શરીરનો બાંધો મજબૂત અને તંદુરસ્ત હતો. તેમના હાથ ઢીંચણ સુધી લાંબા હતા, તેથી તેઓ આજાનબાહુ તરીકે ઓળખાતા. તેમના સાથળ ઉપર કઠિયારાની કુહાડીનો ઘા સ્પષ્ટ દેખાતો હતો. કપાળમાં ત્રિપુંડ કરતા હતા. ગળામાં રુદ્રાક્ષની માળા પહેરતા. મૃગચર્મ ઉપર બિરાજતા હતા. ઘણો સમય દિગંબર અવસ્થામાં રહેતા. તેમની પ્રતિભા કંઈક ન્યારી-અનોખી હતી. તેઓ મસ્ત સંત તરીકે ખ્યાતિ પામ્યા હતા.

તેમણે હિમાલયમાં શ્રીશૈલ પર્વત ઉપર તપશ્ચર્યા કરી હતી. કઠિયારાની કુહાડીના ઘા વાગવાથી તેમની સમાધિ પૂરી થઈ અને ઈ.સ. ૧૭૫૮માં કઠિયારાને આશીર્વાદ આપી પ્રગટ થયા. તે પછી હિમાલયની તીર્થયાત્રા કરી છેક દક્ષિણ ભારતમાં રામેશ્વર સુધી ફરતાં ફરતાં પહોંચ્યા. ત્યાં એક વૃક્ષ નીચે રહેતા. લોકોએ તેમને ફળ ખાતા કે જળ પીતા જોયા ન હતા. તેઓનું શરીર તેમ છતાં કરમાયું ન હતું. મુખની આભામાં પણ પ્રસન્નતા જોવા મળતી. તેઓ તંદુરસ્ત જણાતા હતા. તેમનું શરીર તેજોમય જોવા મળતું. આથી શ્રી સમર્થ - એ દિવ્ય પુરુષ છે, તેવું લોકો માનવા લાગ્યા. તેમની પાસે સત્સંગ કરવા, દર્શન કરવા અને પોતાનાં દુઃખ દૂર કરવા માટે આવતા.

ત્યાંથી તેઓ બીડ જિલ્લામાં ગાણગાપુર નજીક આવેલા રાજુર નામના ગામે દસ વર્ષ સુધી રહ્યા. ત્યાં એક મઠ સ્થાપ્યો. ત્યાં કથાવાર્તા કરતા અને ત્યાંના લોકોને ધર્મજ્ઞાન આપી ધાર્મિક પંથે વાળ્યા. તેમની કીર્તિ નિઝામ સરકાર સુધી પ્રસરી. શ્રી સમર્થને નિઝામ સરકારે સહસ્ર મુદ્રા આપવાનું વર્ષાસન બાંધી આપ્યું. સુવ્યવસ્થિત વહીવટને કારણે મઠનો વિકાસ થયો.

રાજુર ગામથી અક્કલકોટ ખૂબ નજીક છે. તેમની સુકીર્તિ સાંભળી ત્યાંના રાજા માલોજી મહારાજના અને તેમની પ્રજાના અતિ આગ્રહને કારણે શ્રી સમર્થ અક્કલકોટમાં એકવીસ વર્ષ સુધી રહ્યા. તેથી તેઓ અક્કલકોટના સ્વામી - શ્રી સમર્થ તરીકે ઓળખાયા. તેમના આવ્યા પછી અક્કલકોટના પંડિતો, વિદ્વાનો તેમની પાસે આવી શાસ્ત્રાર્થ કરતા. રાજા માલોજી પણ સત્સંગ કરવા આવતા. રાજા પોતે સાહિત્ય, સંગીત, કલામાં રસ ધરાવતા હતા. તેથી તેમના રાજ્યમાં કલામાં નિપુણ કલાકારો ત્યાં આવીને વસ્યા. કલાના ઉપાસકોનું બહુમાન કરવામાં આવતું. શ્રી સમર્થે પણ કળા, વિદ્યા, સાહિત્ય અને સંગીતને ઠીક ઠીક ઉત્તેજન આપ્યું. પોતે પણ લોકોને ઉપદેશ આપતા. લોકોમાં ધર્મભાવના જગાડતા. લોકકલ્યાણની પ્રવૃત્તિઓ થતી યજ્ઞ સમારંભો થતાં. આથી રાજા માલોજી મહારાજ જેવા ધર્મનિષ્ઠ, કલારસિક અને કલાશોખીન રાજા તથા શ્રી સમર્થ જેવા સિદ્ધપુરુષ સંતનો સુભગ સમન્વય થયો. અક્કલકોટની ખ્યાતિ કસ્તૂરીની સુવાસની જેમ ચારે બાજુ પ્રસરી અને સરસ્વતી દેવીનું તીર્થધામ બન્યું.

અક્કલકોટના સંસ્થાનની જાહોજલાલીની વાત અંગ્રેજ સરકાર સુધી પહોંચી. તેમની દાનત બગડવાથી અક્કલકોટનું સંસ્થાન અંગ્રેજ સરકારે જપ્ત કર્યું. તેથી માલોજી મહારાજને પણ ત્રણ વર્ષ સુધી સોલાપુરમાં રહેવું પડ્યું અને શ્રી સમર્થ સોલાપુર પાસે આવેલ કુંભારી ગામે રહ્યા. રાજાની વિનંતીથી તેઓ પાછળથી સોલાપુર આવીને રહ્યા. આ વાત વાયુવેગે પ્રચાર પામી તેથી અંગ્રેજ સરકારના અધિકારીઓ પણ ત્યાં દર્શન કરવા આવવા લાગ્યા. તેઓએ ખુશ થઈ અક્કલકોટનું સંસ્થાન શ્રી સમર્થને અને રાજા માલોજી મહારાજને પાછું સુપ્રત કર્યું, પણ તેમાં અંગ્રેજ રેસિડેન્ટ અને અંગ્રેજ લશ્કર રક્ષણ અર્થે મૂક્યા.

એક વખત જગદ્‌ગુરુ શંકરાચાર્ય અક્કલકોટ પધાર્યા. માલોજી મહારાજે તેમનું ભવ્ય સ્વાગત કર્યું. જગદ્‌ગુરુ શંકરાચાર્ય સાથે બ્રાહ્મણો, વિદ્વાનો, જ્યોતિષીઓ આવ્યા હતા. તેમનામાં અભિમાન હતું. તે વખતે શ્રી સમર્થ પોતાના શિષ્ય ચૌલા સાથે ત્યાં પધાર્યા. ત્યારે પેલા વિદ્વાનોએ તેમનું સ્વાગત કર્યું નહિ. તેમને બેસવાનું સ્થાન પણ આપ્યું નહિ અને તેમની ટીકા કરવા લાગ્યા. એટલામાં જગદ્‌ગુરુ શંકરાચાર્યની નજર તેમના ઉપર પડી અને તેમનામાં દત્તમૂર્તિનું દર્શન થયું. શ્રી સમર્થની અવગણના થવાથી શ્રી જગદ્‌ગુરુ શંકરાચાર્યને પણ સુવર્ણની થાળીમાં મૂકેલ

પકવાનમાં કીડા દેખાવા લાગ્યા. શ્રી સમર્થના મુખ ઉપર પુણ્યપ્રકોપ તેઓએ જોયો. તેથી તેઓ સમજી ગયા કે આ તો શ્રી સમર્થની જ લીલા છે.

જગદ્‌ગુરુ  શંકરાચાર્ય પોતાની જગ્યાએથી ઊભા થઈ શ્રી સમર્થને પગે લાગ્યા અને સંસ્કૃત શ્લોકો દ્વારા તેમની સ્તુતિ કરી, માફી માગી. પોતાના સિંહાસન ઉપર બેસવા માટે શ્રી સમર્થને જગદ્‌ગુરુ  શંકરાચાર્યે વિનંતી કરી, પરંતુ શ્રીસમર્થે દત્તભગવાનનું અવધૂત સ્વરૂપ ધારણ કર્યું અને ગાળો બોલ્યા અને શ્રી જગદ્‌ગુરુ શંકરાચાર્યને પ્રશ્ન કર્યો, "જેના પર ઈશ્વરનો અનુગ્રહ હોય તે પણ શું વેદવેત્તા, ધર્મવેત્તા કે શાસ્ત્રવેત્તા બને છે ? તે કેવળ દેહપોષક, દંભી, ઢોંગી, પ્રાણવેત્તા અને શાસ્ત્રવેત્તા બને છે ?" શ્રીસમર્થના આ પ્રશ્નથી શ્રીશંકરાચાર્ય દિઙ્મૂઢ અને અવાક્ બની ગયા. શ્રીસમર્થના પ્રશ્નોનો જવાબ આપી શક્યા નહિ. આથી ત્યાં આવેલા બ્રાહ્મણો, વિદ્વાનો વગેરેનું અભિમાન દૂર થયું અને બધા શ્રી સમર્થને દંડવત્ વંદન કરવા લાગ્યા. તેમની માફી માગી અને ધર્મપ્રચાર માટે ત્યાંથી ચાલી નીકળ્યા./

શક સંવત ૧૭૯૯ ને મહા વદ બીજ ને બુધવારના રોજ શ્રીસમર્થ જંગમમઠમાં ગયા. દક્ષિણ ભારતમાં ગુરુજીના ભક્તો મહા વદ બીજનો દિવસ 'પ્રતિપ્રદા દિન' તરીકે ઊજવે છે. આ દિવસે બ્રાહ્મણોને ભોજન અપાય છે અને ગુરુજીનું પૂજન, અર્ચન કરવામાં આવે છે. તે દિવસે શ્રીસમર્થ જંગમમઠના શિવાલયમાં ગયા અને શિવલિંગ સામે બેઠા. શિવલિંગના બાણ ઉપર અગ્નિ મૂકી, શ્રીફળો, પુષ્પો વગેરે હોમી યજ્ઞ કરવા લાગ્યા. તેમાં તલ, તાંદુલ, ફળ, ઘી, દૂધ, દહીં વગેરે સર્વ દ્રવ્ય વડે આહુતિ આપતાં અને વેદની ઋચાઓ ઉન્મત અવસ્થામાં ગર્જના કરી કરીને ઉચ્ચારવા લાગ્યા. શાસ્ત્રમાં આવા યજ્ઞનો નિષેધ છે. આથી ત્યાંના પંડિતો, પૂજારી તેમના શિષ્યો શ્રીસમર્થની આવી વિચિત્ર ક્રિયા જોઈને વિનવવા લાગ્યા અને આવા હોમહવન ન કરવા પ્રાર્થના કરવા લાગ્યા. તેમને સમજાવવા લાગ્યા, પણ શ્રીસમર્થ એકના બે ન થયા. બીજે દિવસે પૂજારી અને ત્યાંના વ્યવસ્થાપકો શિવલિંગની હાલત જોવા ગયા, પરંતુ શિવલિંગની દીવાલો ઉપર ક્યાંય ડાઘ પણ પડ્યો ન હતો. આથી બધાને નવાઈ લાગી. શ્રીસમર્થની આ અકળલીલા જોઈ બધા તેમને વંદી રહ્યા.

આ અવધૂતી યજ્ઞ કર્યા પછી શ્રીસમર્થ થોડાક દિવસો ત્યાં રહી, ભક્તોના કલ્યાણ માટે ગામેગામ ફરવા લાગ્યા. તેમની શારીરિક સ્થિતિ બગડવા લાગી. શક સંવત અઢારસોમાં શ્રીસમર્થ અક્કલકોટ છોડી, થોડેક દૂર એક વડના ઝાડ નીચે ઝૂંપડી બાંધી આનંદમાં, મસ્તીથી રહેવા લાગ્યા. તેમની નાજુક તબિયત જોઈને તેમના ભક્તોએ દવા કરાવવા માટે સમજાવ્યા, પણ શ્રીસમર્થે તે તરફ લક્ષ આપ્યું નહિ, પણ પોતે નિજાનંદમાં મસ્તીથી રહેવા લાગ્યા.

પોતાની જિંદગીના અંત સમયે ભક્તોને બોધ આપી સાંત્વના આપવા લાગ્યા, "જે જેવા ભાવે મને ભજે છે, તેવા ભાવે હું તેને ભજું છું."

ગીતાજીના આ શ્લોકને ખૂબ સરસ રીતે સમજાવી આશ્વાસક બોધ આપ્યો. કેટલાંક દોહરા, અભંગો સંભળાવ્યાં અને તેનો અર્થ સમજાવ્યો અને ભક્તોને કહ્યું, ''તમારે સૌએ આ સમયે રડવાનું છોડી, ભજનકીર્તન કરવાં જોઈએ. મારો અવતાર તમને આનંદ - સુખની પ્રાપ્તિ કરાવવા માટે જ છે. હવે આ બધા સંસારમાં રહી ઈશ્વર-ભજન કરી આનંદમાં રહેજો.''

શ્રીસમર્થ સમાધિ લેવાની તૈયારી કરતા હતા, ત્યારે છેલ્લે છેલ્લે ગીતાજીના શ્લોકોના અર્થ સમજાવ્યા. તે દિવસ ચૈત્ર વદ અગિયારસનો હતો. મહારાજા શાહજી પણ તે વખતે ત્યાં હાજર રહ્યા હતા. તેમની ઉદાસી જોઈ અને ભક્તોની આજીજી - વિનંતીથી શ્રીસમર્થે બે દિવસ વધારે સમય માટે દેહ ટકાવી રાખ્યો. સર્વ ભક્તોને દર્શન, પૂજન, અર્ચન અને સત્સંગનો લાભ આપી, ત્યાં આવેલા સૌ ભક્તોને દિવ્ય મંગલમય વાતાવરણનો અનુભવ કરાવ્યો. આ રીતે શ્રી સમર્થે કાળ ઉપર વિજય મેળવી થંભાવ્યો, પડકાર્યો અને ભક્તોની છેલ્લી વિનંતીને - પ્રાર્થનાને માન આપી, તેનો સ્વીકાર કર્યો.

શાલીવાહન શક સંવત ૧૮૦૦માં ચૈત્ર વદ ચૌદસ ને મંગળવારના રોજ શ્રીસમર્થે શુદ્ધ સ્વસ્તિકાસન ઉપર બેસી સુગંધી પુષ્પાહારથી તથા વસ્ત્ર અને આભૂષણથી તેમના દેહને શણગાર્યો. ભક્તોને આશીર્વાદ અને સાંત્વના આપી, પોતે પરમાનંદમાં લય પામ્યા, મહાસમાધિ લીધી. ભક્તોએ ષોડશોપચાર વિધિ કરી, શ્રીસમર્થને સિંહાસન ઉપર બિરાજમાન કરી, આખા ગામમાં તેમને ફેરવી, આમ જનતાને દર્શનનો લાભ આપ્યો. પછી તેમની ઇચ્છા મુજબ તેમના ભક્ત ચૌલાને ઘેર, તેના વાડામાં આવેલા ઔદુંબરના વૃક્ષ નીચે તેમને સમાધિ આપવામાં આવી.

પાછળથી તેમના સમાધિસ્થાન ઉપર શ્રી દત્તાત્રેયનાં-શ્રી ગુરુજીનાં પગલાંની વિધિવત્ સ્થાપના કરવામાં આવી. આજે પણ સ્વામી શ્રીસમર્થનું ભક્તોને વરદાન છે, ''જે મને ઓળખતો હોય કે ન હોય, મારાં દર્શન કર્યાં હશે કે નહિ કર્યાં હોય, મારી સેવા કરી હશે કે નહિ કરી હોય, તે સૌ ભક્તો મારે મન સરખા જ છે.'' આજે તેમનો સ્થૂળ દેહ ન હોવા છતાં તેમની ચેતના સૂક્ષ્મસ્વરૂપે ભક્તોને મદદ કરે છે. આવા પરમહિતકારી સંત શ્રી સમર્થને ઘણા ઘણા પ્રણામ !

### સ્વામી શ્રીસમર્થ અને શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટાના સાધનાકાળ દરમિયાન અક્કલકોટના સ્વામી શ્રીસમર્થની ચેતનાએ સહાય કરી હતી એવું શ્રીમોટા વારંવાર કહેતા અને તેમના પુસ્તકમાં પણ તેનો ઉલ્લેખ શ્રીમોટાએ કર્યો છે. શ્રીમોટા માનતા હતા કે જે પ્રસંગના સાક્ષી કોઈ ન હોય, તો તે હકીકત કોઈને કહેવી નહિ. એટલે જ શ્રીમોટાએ અક્કલકોટના સ્વામી શ્રીસમર્થે તેમની સાધનામાં ક્યાં, કેવી રીતે, ક્યારે, કેવા સંજોગોમાં મદદ કરી સાધનામાં વેગ આપ્યો તે વાત કોઈ સાક્ષી ન હોવાથી કોઈને કહી નથી. ફક્ત તેમને શ્રીસમર્થે સાધનામાં વેગ આપવામાં મદદ કરી હતી તેટલું જ કહ્યું છે.

'સંત-રૂપ જુજવાં' પ્ર.આ.પૃ.૧૦૦-૧૦૫

## (૧૦) ભગવાનનું નામ : ભવતારણ ઔષધ

**શ્રીરણછોડદાસજી મહારાજ**

ભગવાનના નામના જાપથી, નામસ્મરણથી જીવ માત્રને શાંતિ અને સુખ પ્રાપ્ત થાય છે, પરંતુ નામનો જપ કરતી વખતે તેના અર્થ અને ભાવનું અનુસંધાન રાખવું જોઈએ.

તમે જેમના નામનો જાપ કરી રહ્યા હોવ તે 'નામી' એ નામસ્મરણને સાંભળી રહ્યા છે અને સાંભળતાં સાંભળતાં મંદ મંદ હાસ્ય ભરી મુદ્રાથી તમારી સામે જોઈ રહ્યા છે, એ પ્રકારના ધ્યાન સાથે નામ જપવાથી નામમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે અને સ્વરૂપની ઝાંખી પણ થશે. પછી તો ઊઠતાંબેસતાં, હરતાંફરતાં, જે તે કાંઈ કરતી વખતે નામીનું સ્વરૂપ સામે ને સામે જ રહેશે.

બધાં સાધનોમાં ભગવાનનું નામ ખૂબ જ સહાયક છે. નામજાપને ક્યારેય નકામું કે ઓછી શક્તિવાળું માનવું નહિ. **માત્ર નામના આધારે, નામના અવલંબનથી સાક્ષાત્કાર થઈ શકે છે.** બીજું કશું કરવું પડતું નથી. નામમાં એટલું બધું સંપૂર્ણ સામર્થ્ય છે. નામજાપ સરળમાં સરળ અને સીધું સાદું સાધન છે. તેનાથી બધાં વિઘ્ન, મળ, આવરણ, વિક્ષેપ, દોષ, દુઃખ વગેરેનું નિવારણ થઈ જાય છે.

નામજાપથી મનની શુદ્ધિ થાય છે અને અનિષ્ટ પ્રારબ્ધનો નાશ થાય છે. સંચિત કર્મની ભસ્મ થાય છે અને ક્રિયમાણથી છુટકારો મળે છે. ચિત્તની શુદ્ધિ, વાસનાનો ક્ષય, વૈરાગ્ય, સમતા વગેરે પણ નામસ્મરણથી પ્રાપ્ત થાય છે.

ધ્યાન, સમાધિ અને સાક્ષાત્કાર નામજાપથી થાય છે. એટલે ભવપાર જવા માટે સરળમાં સરળ સાધન ભગવાનનું નામ છે.

ગમે તેટલા કામમાં રોકાયા હોવ, લોકોનાં ટોળાં વચ્ચે હોવ, શરીરમાં પીડા હોય, પણ ભગવાનનું નામ ન ભુલાય તેનો ખ્યાલ રાખવો.

'શ્રીગુરુદેવકી સન્નિધિમેં' પ્રથમ ભાગ પૃ. ૩૯૬

o

### 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | શંકરભાઈ લલ્લુદાસ પટેલ | અમદાવાદ | ૧૧,૦૦૦/- |
| ૨. | ધીરેન્દ્રભાઈ ભીખુભાઈ દેસાઈ | વલસાડ | ૧૦,૦૦૦/- |
| ૩. | એક સ્વજન | વડોદરા | ૧૦,૦૦૦/- |
| ૪. | અનિલભાઈ મોહનલાલ શાહ | મુંબઈ | ૧૦,૦૦૦/- |
| ૫. | એક સ્વજન | સુરત | ૧૦,૦૦૦/- |
| ૬. | અંજનાબહેન આર. દેસાઈ | વડોદરા | ૫,૦૦૦/- |
| ૭. | એક સ્વજન | સુરત | ૩,૩૩૩/- |
| ૮. | દેવપ્રસાદ નર્મદાશંકર શુકલ | સુરત | ૧,૧૧૧/- |
| ૯. | ભરતભાઈ હસમુખલાલ જોગી | સુરત | ૫૦૧/- |
| ૧૦. | ગુણવંતભાઈ બી. ભૂંગરિયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૧. | એક સ્વજન | સુરત | ૫૦૦/- |
| ૧૨. | સુશીલાબેન મનુભાઈ પટેલ | નરોડા | ૫૦૦/- |
| ૧૩. | એક સ્વજન | સુરત | ૩૦૦/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** **- સંપાદક**

## (૧૧) ઓ વિશ્વપતિ તારા વિશ્વાસે

**પ્રેષકઃ વિપુલ જોષી**

ઓ વિશ્વપતિ તારા વિશ્વાસે (૨)
મારો ચાલે છે વહેવાર રહીશ ના દૂર
મારે આંટી ઘૂંટી આવે છે, તેનો તુંજ નિવેડો લાવે છે,
જયાં જયાં મારી ભૂલો થાયે, ત્યાં તુજ મુને સમજાવે છે.
આ ભૂલા પડેલા, ભવરણમાં, મને તારો છે
આધાર...રહીશ ના
મારે પળ પળ તારૂં કામ પડે, મારી વારે વારે ભૂલ પડે
તુજ વિણ વ્હાલા, વારંવાર વ્હારે મારી કોણ ચઢે
ઓ દિન દુઃખિયા ના દીનબંધુ,
મારો તારે માથે ભાર..રહીશ ના
મારો વહીવટ તું સાંભળી લે, મને નિર્લજ જાણી પાળી લે
મનોવૃત્તિ મારી માયામાંથી,
તારા ચરણમાં વાળી લે
ભક્ત મંડળ તુજ સંગાથે, કાયમ છે રહેવા
તૈયાર...રહીશ ના

### 'હરિભાવ' માસિકનું મે-૨૦૨૪ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેમની યાદીઃ-

| નામ | ગામનું નામ |
|---|---|
| અરવિંદ વી શાહ | આણંદ |
| અરવિંદભાઈ જી. પંડયા | મુ.પો.અનુમાલા |
| ભારતીબહેન શાહ | નડિયાદ |
| ચિત્રાંજન આર. ભટ્ટ | વલ્લભ વિદ્યાનગર |
| ગુણવંતભાઈ ઈશ્વરભાઈ દેસાઈ | સુરત |
| હરિકૃષ્ણા જે. શુકલ | આણંદ |
| જશવંતસિંહ ચુડાસમા | અમદાવાદ |
| જિજ્ઞેશ આર. વ્યાસ | ન્યુ મુંબઈ |
| જયોતિબહેન પી. દેસાઈ | સુરત |
| કુંડિયાણા પ્રાઈમરી સ્કૂલ | સુરત |
| મનીષાબહેન સી. પટેલ | સુરત |
| પુરુષોત્તમભાઈ મીઠાભાઈ સલાત | સુરત |
| પ્રમોદરાય કે. દવે | સુરેન્દ્રનગર |
| પ્રિયમ એચ. ઠાકર | અમદાવાદ |
| રાજીવ આઈ. રાંદેરિયા | સુરત |
| રમેશભાઈ એમ. આચાર્ય | વલ્લભ વિદ્યાનગર |
| શિવલાલ જી. અકોલિયા | સુરત |
| શીરીષ મહેતા | મુંબઈ |
| તૃપ્તિબહેન એન. જોષી | મુંબઈ |

### 'હરિભાવ' માસિકનું જૂન-૨૦૨૪ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેમની યાદીઃ-

| નામ | ગામનું નામ |
|---|---|
| ૧. આપાભાઈ એ.કહોર | મુ.જોશીપરા-જુનગઢ |
| ૨. અમીત બી.પટેલ | ગાંધીનગર |
| ૩. ભૂપતભાઈ ડી.કપોપરા | સુરત |
| ૪. ડૉ.દર્શનભાઈ ઠાકર | સુરત |
| ૫. હર્ષ એલ.તપાસિયા | સુરત |
| ૬. હેમાક્ષી જે.દોમડિયા | સુરત |
| ૭. ડૉ.કાશીરામ પટેલ | પાટણ |
| ૮. ક્રિષ્નકુમાર એચ.પટેલ | અમાદાવાદ |
| ૯. મહેશભાઈ બી.રાવત | વલસાડ |
| ૧૦. નટુભાઈ એલ.જશાણી | સુરત |
| ૧૧. નટુભાઈ પટેલ | અમદાવાદ |
| ૧૨. પરમ પાલનપુરી | મંડાલી, બ.કા. |
| ૧૩. સંજય આર. પટેલ | વડોદરા |
| ૧૪. વિશ્વરાજ એમ.કહોર | મુ.જોશીપરા-જુનાગઢ |

ઉપરોક્ત સ્વજનશ્રીઓને વિનંતી કે 'હરિભાવ'નું લવાજમ વહેલી તકે જમા કરાવે જેથી આગામી અંક મેળવી શકે. ... સંપાદક

'પૂજ્ય શ્રીમોટા'ના અક્ષરદેહને સમાજ સુધી પહોંચાડવાના હેતુથી પ્રયાસ કરનારા 'હરિવાણી ટ્રસ્ટ'ને તેમના કોર્પસફંડ માટે શ્રીમતી કૃપા દવે તથા શ્રી લી લેકનર (હાલ અમેરિકા)તરફથી તેમના લગ્ન નિમિત્તે રૂપિયા ૧,૧૧,૧૧૧/- ભેટ આપવામાં આવેલ છે. 'હરિવાણી ટ્રસ્ટ' આ પરિવાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરે છે.

– ટ્રસ્ટીમંડળ, હરિવાણી ટ્રસ્ટ.

'પૂજ્ય શ્રીમોટા'ના અક્ષરદેહને સમાજ સુધી પહોંચાડવાના હેતુથી પ્રયાસ કરનારા 'હરિવાણી ટ્રસ્ટ'ને તેમના કોર્પસફંડ માટે શ્રી મલહાર હિમાંશુભાઈ દવે (હાલ અમેરિકા)તરફથી રૂપિયા ૧,૧૧,૧૧૧/- દાન ભેટ આપવામાં આવેલ છે. 'હરિવાણી ટ્રસ્ટ' આ પરિવાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરે છે.

– ટ્રસ્ટીમંડળ, હરિવાણી ટ્રસ્ટ.

## : જાહેર વિનંતી :


**'હરિવાણી ટ્રસ્ટ'-'હરિભાવ', રૂપિયા પચાસ લાખ (રૂપિયા ૫૦ લાખ)નું કોર્પસ ફંડ ઊભું કરવાનું વિચારે છે. આ માટે ઓછામાં ઓછા રૂપિયા પચીસ હજાર કે તેથી વિશેષ રકમ જે સ્વજન આપશે તેમની વિગતો 'હરિભાવ'માં પ્રકાશિત કરાશે.**

**તા. ૩૦-૦૬-૨૦૨૪ સુધી આ પ્રકારની કોર્પસ ફંડ માટેની રકમ સ્વીકારાશે. અમારી આ અપીલનો હકારાત્મક પ્રતિભાવ સ્વજનો તરફથી મળશે તેવી આશા અને વિનંતી છે.**

**- હરિવાણી ટ્રસ્ટ**

- શ્રી નિરંજનભાઈ ચંદુભાઈ પટેલ, વલ્લભ વિદ્યાનગર તરફથી રૂ. ૧૧,૧૧,૧૧૧/- દાન ભેટ મળેલ છે.
- શ્રી શશિકાંતભાઈ પટેલ અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી કુમુદબહેન પટેલની પુણ્ય સ્મૃતિમાં રૂ. ૫,૫૫,૫૫૫/- દાન ભેટ મળેલ છે. હસ્તે શ્રી નિરંજનભાઈ ચંદુભાઈ પટેલ પરિવાર (વલ્લભ વિદ્યાનગર - અમેરિકા)
- શ્રીમતી ફાલ્ગુનીબહેન યોગેશભાઈ પટેલ, (સુરત) તરફથી રૂ. ૨૫,૦૦૦/- દાન ભેટ મળેલ છે.
- સ્વ. રામભાઈ પટેલ તથા સવિતાબહેન પટેલ, (સોજીત્રા) ની પુણ્ય સ્મૃતિમાં રૂ.૧,૧૧,૧૧૧/- દાન ભેટ મળેલ છે. હસ્તે ડૉ. મુકુંદભાઈ તથા ડૉ. દેવયાનીબહેન પટેલ (અમેરિકા)
- સ્વ. ડૉ. વિનોદચંદ્ર અમીન તથા સ્વ. મુક્તાબહેનની પુણ્ય સ્મૃતિમાં રૂ.૧,૧૧,૧૧૧/- દાન ભેટ મળેલ છે. હસ્તે ડૉ. દેવયાનીબહેન તથા ડૉ. મુકુંદભાઈ પટેલ (અમેરિકા)
- શ્રીમતી અમીતાબહેન અરુણભાઈ શાહ, (આણંદ) તરફથી રૂ. ૨૫,૫૦૧/- દાન ભેટ મળેલ છે.
- શ્રીમતી કૃપા દવે તથા શ્રી લી લેકનર (અમેરિકા) તરફથી રૂપિયા ૧,૧૧,૧૧૧/- દાન ભેટ મળેલ છે.
- શ્રી મલહાર હિમાંશુભાઈ દવે (અમેરિકા) તરફથી રૂપિયા ૧,૧૧,૧૧૧/- દાન ભેટ મળેલ છે.

**HARIBHAV, MAY, 2024**
" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2024-2026
Valid upto 31st December - 2026 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2024-2026
valid upto 31-12-2026



॥હરિઃૐ॥

**જે કોઈને રડાવે નહિ એ માણસ છે,**
**જે રડતા માણસને હસાવે એ સંત છે,**
**અને**
**જે પોતે રડીને બીજાને હસાવે એ ભગવાન છે.**
**ૐ આનંદ આનંદ આનંદ**

**- શ્રીદયાનંદ તીર્થ**

'શ્રી આબુરાજ અન્નક્ષેત્ર', પાટડી

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA E-mail : hariwanitrust@gmail.com

**If Undelivered Please return to : 'Hariwani Trust'**
B/5, Swastik Apartment, Narayannagar, Paldi,
Ahmedabad - 380 007